श्रीकृष्णाय नमः ।

श्रीवल्लभाय नमः ।

પૂ. પા. ગોસ્વામી શ્રીહરિરાયજીકૃત

અષ્ટપદીઓ.

(સરલ ગુર્જરાનુવાદ સહિત)

ગિરીધરલાલ જગજીવનદાસ શાહ.
બુક સેલર અને સ્ટેશનર્સ.
ઠે. મ્હોટું મન્દિર, ભુલેશ્વર, મુંબઈ નં. ૨.
અમ્હારે ત્યાં વૈષ્ણવ ધર્મનાં સઘળાં પુસ્તકો
અને ચિત્રો તથા દરેક પ્રકારની સ્ટેશનરી યોગ્ય
મૂલ્યથી મળશે.

અનુવાદકઃ—

ચીમનલાલ કીશોરદાસ શાહ

બી. એસ. સી. બી. એ. એલએલ. બી.

છપાવી પ્રકટ કરનારઃ—

પરી. પુરૂષોત્તમદાસ ત્રિભોવનદાસ કવિ

નડીઆદ.

(આ પુસ્તક પરી. હરગોવનદાસ લલ્લુભાઈના પુત્ર પરી. ચુનીલાલ
હરગોવનદાસની વિધવા બાઈ પાર્વતીના પુણ્ય નિમિત્તે
લખાવેલી રકમમાંથી છપાવ્યું છે.)

વલ્લભાબ્દ. ૪૫૮.

સંવત ૧૯૯૩

ન્યોચ્છાવર ૦-૪-૦

સ્ટેશન રોડ ઉપર આવેલા મોરલીધર પ્રિન્ટીંગ પ્રેસમાં
શા. મણીલાલ મુળજીભાઇએ છાપ્યું—નડીઆદ.

પ્રાસંગિકઃ—

પુષ્ટિસમ્પ્રદાયમાં શ્રીહરિરાય મહાપ્રભુનું સ્થાન અજોડ છે. વિદ્વત્તા અને ભાવનાનો તેમના હૃદયમાં સંપૂર્ણ આવિષ્કાર હોવાને લીધે, આ આચાર્યશ્રી ભક્તિ વિદ્વત્તા, રસિકતા વિ. ગુણોથી સમલંકૃત હતા. તેમની વિદ્વત્તા અને રસિકતાનો ખ્યાલ આ અષ્ટપદીઓમાં સ્થલે સ્થલે થઈ આવશે. રસશાસ્ત્રાનભિજ્ઞ મનુષ્ય આ અષ્ટપદીઓને નીરખવા જાય, તે પહેલાં મને અહિં શ્રી ગુસાંઇજીની એક પંકિત યાદ આવે છે કેઃ—

प्रार्थये रसिकाः स्वैरं पश्यन्त्विदमहर्निशम् ।
एतद्रसानभिज्ञस्तु माद्राक्षीदपि वैष्णवः ॥

તેજ ન્યાયે આ અષ્ટપદીઓમાં પ્રભુની રસમય વિધવિધ લીલાઓનું વર્ણન છે. તે રસનિષ્પત્તિના અનનુભવીઓને તો અગમ્યજ છે, છતાંયે રસિકોને તે અતિશય આનંદ આપનારી છે.

પ્રભુ સામીપ્યમાં ગવાતા કીર્તનોમાં પણ આ શ્રીહરિરાયજીની અષ્ટપદીઓનો ઉપયોગ કરવામાં આવે એ હેતુપુરઃસર તેને પ્રથમ છાપીને તેનું ભાષાંતર જુદુ છાપ્યું છે.

ભાષાંતર કરવામાં શબ્દાર્થને ન વળગી રહેતાં અસલનો હેતુ જળવાય તે માટે પ્રયાસ કર્યો છે અને ભાવાનુવાદને વળગી રહ્યો છું. અને તે કાર્યમાં વેદાન્ત વિશારદ પૂ. હરિશંકર ઓંકારજી શાસ્ત્રીજીએ જે મહેનત ઉઠાવી છે તેના માટે તેમનો ઉપકાર માનું છું. છતાંયે રહી ગયેલાં સ્ખલનોને વિદ્વાનો સુધારીને વાંચશે, અને સૂચવશે, તો તેમનો આભાર માનીશ.

અનુવાદક.

પુષ્ટિમાર્ગીય સસ્તુ સાહિત્ય.

આજેજ ખરીદો.

શ્રીમદ્વલ્લભાચાર્યજી પ્રણીત

ત્રિવિધ નામાવલી.

પોસ્ટેજ અલગ પૃષ્ઠ ૪૦૦ કિં. ૮-૯-૬

અનુવાદક અને પ્રકાશક.

ચીમનલાલ કીશોરદાસ શાહ બી. એસ સી. બી. એ. એલ એલ. બી.
પાડાપોલ, **નડીઆદ.**

(પૂ. પા. ગો. બાલકો, તથા સામ્પ્રદાયિક વિદ્વાનો તથા ગુજરાતના સુપ્રસિદ્ધ પત્રકારોના અભિપ્રાયોથી પરિપૂર્ણ.)

અષ્ટપદીઓ.

૧

શ્રી વલ્લભાચાર્યજીના ચરણનું હું વર્ણન કરૂંછું. સકલ સાધનોથી વિમુખ જનોના મુખ્ય ફલના ફલરૂપી તે ચરણ છે. સંસારરૂપી નદીમાં ઈશ્વરના ગોચરણનું તે સાધન છે. ૧

નીલમણિના મનોહર નૂપુરના સુંદર રણકારથી પોતાના ભક્તજનોને ઉત્પન્ન થતો ભાવ તે ચરણ ભણે છે. અને સુંદર કલહંસના યુગલ સમાન શોભે છે કે શું? અથવાતો માનીજનોના ચિત્તનું હરણ કરવામાં મધુર અવાજ ઉત્પન્ન કરે છે? ૨.

કોટિકામદેવની પરમ શોભાની સીમાને પોતના રૂપમાં સમાવી દઈને વિરહાનલથી ભક્તજનોને તે ચરણ બાળે છે કે શું? અથવાતો, પદકમલ ઉપર શોભાયમાન અંગુલી મકરંદ યુક્ત રેણુથી રંગાયલી અરૂણ ભ્રમરોનું ફૂલ જાણે કે તે ન બની ગઇ હોય તેમ શોભે છે? ૩.

અતિશય રૂચિર, રમ્ય પદકમલનાં પાંદડાંની માફક અંગુલિવૃંદની શોભા પગ ઉપર માલા સમાન શોભી રહી છે કે શું? અથવાતો શૃંગાર રસના વૃક્ષના બહુજ ઉંડે ભૂમિમં ગયેલા મૂલની માફક સુંદર તે અંગુલિઓનું જાલ ત્યાં થઇ રહ્યું છે? ૪.

કલિના સર્વ દોષોને, ચોરી ને સાધન કરીને કલિરાજે રાખેલા, તે સર્વ દોષોને દૂ કરનારૂં તે ચરણ છે, આંગળીઓના સમૂહથી અતિશય અરૂણ રંગનુંજ સુચન કરે છે કે શું? અથવા તો સુંદર રસાલ પાંદડાંઓની શોભા આપે છે? ૫.

તે ચરણની નીચે લાલ રંગ, અને ઉપર શ્યામ રંગથી દિવસ અને રાત્રિના સુખનો ફેલાવો તે ચરણ કરે છે. દશ નખ ચંદ્રોના ત્યાં સતત રહેવાથી તે ચરણ ગગનની ઉપમાને મેળવે છે. ૬.

ઉપર આવેલા નખચંદ્રના વૃંદની ઘણીજ શોભાને તે અંગુલીઓનો સમૂહ ધારણ કરે છે કે શું? અથવાતો પદકમલયુગલથી સરસ પલ્લવ વૃંદથી શોભાયમાન જાણે કે તે ચરણ ચક્રવાકની માફક આગળ શોભાયમાન ન હોય તેમ લાલ શોભે છે? ૭.

સાધન વગરનાનું તે સાધન છે. કંઇ નહિ કરનારનું સમ્યક્ આરાધન છે. જીવને અતિ બાધન છે. આવું ચરણ મને નિત્ય પાલો. જલરહિત માછલા સમાન, દીન માફક મતિરહિત તમારા દાસના પણ દાસનું હે અંગ! તમારૂં ચરણ પાલન કરો. ૮.

સકલ સિદ્ધિને માટે જેને નિજરૂપના દર્શનથી તાપ ઉત્પન્ન થયો છે, તેવા હરિદાસના દાસને પણ સહજ તિલકથી શોભાયમાન શ્રીવિઠ્ઠલાધીશના પદતલમાં નિવાસ આપો. ૯.

૨

હે શ્રીગોકુલના અધિપતિ ! હું કે જે વિરહી છું, તેના જીવનરૂપ, આપના ગુણગાન યુક્ત આવું મારૂ વચન સાંભળો. હૃદયમાં રહેલા બધા દોષોને એકદમ દૂર કરીને તમારી માફક સખે ! તે વચનો પણ સુખ આપે છે. ૧.

આ ગરણને દૂર કરનારૂં, તાપનો નાશ કરનારૂં, સકલસુખના સારરૂપે, શાસ્ત્રમાં બતાવેલા રસનું દાન કરનારૂં છું. સર્વને વિસ્મારક, સંસાર–સમુદ્રને તારનારૂં, રૂપનું પરિચારક, મનને વિષે રહેનારૂં છે. ૧.

આપનું ગુણગાન, વિરલ રસને આપનાર, દર્શનમાં સહાયક, ગાયનોમાં પણ નાયક છે, વિરહરસને આપનાર. રમણનું ઓળખાણ આપનાર, પ્રેમફલનું દાન કરનાર, તેના ગાયકોને પાવન કરનાર, અને મળેલા નિધિનું ભાન કરાવનાર છે. ૩.

હરિના મીલનમાં કારણરૂપ, જ્ઞાનરૂપી ભંડાર ઉત્પન્ન કરનાર, હૃદયને ચીરનારૂં, સંખ્યાથી ગણી ન શકાય તેવું છે. શ્રવણ કરનારને પાર ઉતારનારૂં, દુઃખને ભુલાવનાર, દીન પુરૂષોને ધારણરૂપ અને હૃદયમાં સાંભળવાથી ધ્યાન ઉત્પન્ન કરનારૂં છે. ૪.

બધીય લીલાપર, પોતાને પરમરૂચિકર, શોકની સંતતિને હરણ કરનાર, તથા ચરિત જણાવવાવાળું છે. વળી તેનાથી હે ગિરિવરધર ! આપ જલ્દીથી વશ થાવછો, વિહિત કરેલું જે મિલન છે, તેના આદરરૂપા આ ગુણગાન છે. જલ્દીથી મનુષ્યને રંજન કરનારૂં અને પ્રિય વસ્તુની પણ તેમાં ઉપમા ન આપી શકાય તેવું છે. ૫.

ભક્તજનના ચિત્તનું પરિપાલન કરનાર, વિરહથી લાલન કરતું, કાલના બલને કાપી નાંખનાર અને વિષયસુખને હટાવનાર આ વચન છે. ચિત્તને સંચાલન કરનારૂં, રૂપને વિશેષે કરીને પ્રકાશનાર, અને આપનું વન પ્રત્યે ગમન ગવાતાં હૃદયને ફાડી નાંખનાર એવું એ વચન તમે સાંભળો. ૬.

હૃદયના મારરૂપે, ક્ષીરનીરના ભંડાર સમાન અપાર, ધીમુ, પરમોદાર અને અતુલ રસને પીવડાવનાર, સારીયે દુનિયાના સારરૂપ, વિરહના ભારથી ભરેલું, અને અહિં જીતેલાને મારનારૂં આપનું ગુણગાન છે ૭

મંદ હાસ્ય યુક્ત, ઉત્ફુલ્લ નાસિકા સમેત, અદ્‌ભુત આવાસરૂપ અતિશય સુખના ભંડારરૂપ વિષયોને નાશ કરનારૂં એવા શ્રીગોકુલાધીશના મનનું આ એકતાન વાકયોથી મારૂં હૃદય હંમેશાં સ્મરણ કરો. ૮.

૩

અલિ સખી ! હે સુંદર ભાગ્યવાળી, તું ચાલ, બહુમાન ન કર. નંદરાયજીના પુત્ર ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રનું સન્માન કર. સુંદર શરીરને ધારણ કરનાર ધનશ્યામની સાથે મીલન કરી દે, અને મધુરાધરની મુરલીના કરાતા ગાનનું શ્રવણ કર. ૧.

ખાલી શા માટે તું આટલો બધો વિરહ સહન કરે છું? એવું કહ્યામાં કંઇ મુખ્ય કારણ પણ છે કે નકામુંજ માન માગે છે? તે અમને સમજ પડતી નથી. ચાલ, કુંજભવનમાં આવ. અને મારી સાથે હે સહચરિ! મધુરાધરનું પાન કર. ૨

દૃષ્ટિવાળાઓની પણ દૃષ્ટિ કરતાં સુંદર દૃષ્ટિથી તું જો. અને તે તારા હૃદયને વિષે રહેલો જે વિરહરૂપી તાપ છે, તેને હું હરી લેઉં છું. અને રસદાનને અપાવ. ૩.

વારંવાર એ તેમનાં કહેલાં વાકયોનું સ્મરણ શા માટે કરે છે! તેમના ગુણોના ગણને હૃદયમાં પધરાવ અને તેમનું ધ્યાન ધર. દોષ રહિત એવા ભગવાન્‌ના ઉપર નાહકનો શા માટે દોષ મુકે છે? અને તેમ દોષારોપણ કરીને તેમને શા માટે દોષિત ઠરાવે છે. વાસ્તવિક તો તે સર્વ તારૂં અજ્ઞાનજ છે! માટે હે સખિ! અજ્ઞાનને દૂર કર. ૪.

જો કે દોષ લાગે છે તો પણ હે સહચરી! છીપોલી અને ચાંદી સમાનનો તું તારોજ ભાવ વિચારી લેને! અર્થાત્ છીપોલીમાં જેમ ચાંદીની પ્રતીતિ થાય, પરંતુ વાસ્તવિક દોષ તેમાં છેજ નહિ. તેટલા માટે હે હરિણ સમાન નેત્રવાળી! તે શ્રીગોકુલના હાથી સ્વરૂપે બિરાજતા ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્ર સાથે તારૂં મિલન કર. ૫.

અયે! જો અહિં સુધીમાં કહેલું આ મારૂં કહેવું સાંભળ્યું હોય તો મારા કહ્યા પ્રમાણે હવે પાન કર. આ પ્રમાણે આ વિરહ દૂર કરવા માટે કહેવામાં આવેલાં અદ વચનો શ્રી હરિદાસના ચિત્તમાં નિવાસ કરો. ૬.

અને શ્રીવલ્લભાચાર્યજીના પદકમલનું સેવન એનોજ અતિશય વિસ્તાર થા કારણ કે સકલ ગુણોથી સુંદર, એવા એ સુંદર ભાગ્યવાળા ભગવાન્‌ના ગુણોની સંખ્યા તેન સિવાય કોણ કરી શકે તેમ છે? ૭.

શ્રી ગોપીજન ચરણની રેણુની સંગતિથી વિહિત કરેલું જે પ્રસ્થાન (પ્રયાણ) તે મારા ચિત્તમાં વિસ્તાર પામો. અને વિશ્વના હિતને કારણે શ્રીવિઠ્ઠલપતિના પદના સંતત સેવનનું દાન મળો. ૮.

૪

સર્વ રસનો સમૂહ તેનું નામ રાસ તેવા રાસમાં રહેલા રસિકવર ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રના મિલનનું હે સખિ! તું માન કર. મારાં કહેલાં વાકયો વચનોની રચના કાન ઉપર લે, તેને સાંભળી, વિચારીને મનને વિષે કરૂણાના રસસ્વરૂપે બિરાજતા પ્રભુનું સન્માન કર. ૧.

તારી વિરહાવસ્થા ભોગવતા એ ભગવાન્ અતિશય તારા પ્રત્યેના ભાવને લીધે વિવેક વિહોણા બની ગયા છે, મીનની આંખો અતિશય ચંચળ હોય છે, તેનાકરતાં

અતિશય વિરહથી ચંચળ બનેલાં તે છે. તે નન્દકુમારને બહુ દિવસ સુધી મલીને તેમનું અનુસરણ કર. ૨.

વિરહી પ્રભુની ઉન્માદાવસ્થાનું વર્ણન કરતાં શ્રીહરિરાયજી કહે છે કે તે પ્રભુ વિલાપ કરે છે, તારોજ જપ જપે છે, અને ચારોયે દિવસ તારાજ નામનો ઉચ્ચાર કરે છે, પોતાનું ધામ છોડી દે છે, પોતાની કુસુમ સમાન મૃદુલ શય્યાનો પણ પરિત્યાગ કરે છે, અતિશય સુંદર પુષ્પોની માળા પણ ગુંથે છે, તેમની સાથે અલિ! સખી, સમાધાન કર! સમાધાન! ૩.

તેમના હૃદયમાં રહેલા પરિતાપને વચનોથી શાન્ત કર. અને તે પરિતાપને લીધે તારા ઉપરનો જે કલંક છે. તે કલંકને પણ દૂર કર. પોતાના સ્વભાવને અનુસરીને કામદેવ પણ પોતાનું શર સજ્જ કરી, તેની ચોતરફ વિંટળાયેલો છે, તેને પણ માર અને અતિશય દુર્લભ એવો જે અમાપ્ય અધરામૃત છે, તે અધરના અમૃતનું દાન કર. અયે રાધિકાજી! તારૂં જે વનમાં જવું છે ને! તે આગમનને વિપિનને વિષે હંમેશાં તે જોઇ રહે છે, અને 'આ આવી' 'આ આવી' એમ માનીને પોતાના હૃદયમાં હંમેશાં હર્ષ પામે છે. તારાજ ઉપર આધાર રાખીને બેસી રહેલા તે ભગવાન્‌ને એકદમ વશ કર! અને રહેલા મદનને નાશ પમાડતા તેમને જીવાડ. ૪.

હે માનિની! તારૂં જે અપાર માન છે, તે અપાર માનને એકદમ વશ કરીને, મુક્તાફલના હારને કંઠમાં આરોપવા માટે તૈયાર કરી, હે સુમુખિ! નંદકુમારને સુખી કર. ૫.

મનમાં રહેલો જે ભાવ છે, તે ભાવને પ્રકટ કર. તેની સમાન હે સખિ! દાવનું સેવન કર! અને કોકિલ ગણોના મધુર ગીતોનું શ્રવણ કર. અને મૃગલાના તે બાલકને સુંદર દૃષ્ટિથી જીતી લે. ૬.

નિઃસાધન હોવા છતાં પણ, સહાય વગરના હરિરાયને હે રાધિકા! દાસ બનાવ. તે આવીને પાછો ફરી ગયો છે, તેવું વચન પણ હું કહુંછું મનમાં રહેલો જે કષાય છે તેને શોષવ. ૭.

શ્રીહરિના વહાલામાં શ્રેષ્ઠ એવા જે શ્રીમદ્વલ્લભાચાર્યજી તેમનાં ચરણોને હું વંદુછું મારૂં તો તેજ સદા શરણ છે. કારણ કે તે સાધન રહિત જીવનું વરણ કરે છે. અને હંમેશાં ભવસાગરના તરણ રૂપે હોવાથી જય પામે છે. ૮.

૫

હે શ્રી ગોકુલના અધિપતિ! તમે મારા સદન (ઘર) માં આવો. આપણા વિયોગનો સમય થયો છે. તે સમયને લીધે વિરહાનલ ઉત્પન્ન થયો છે. માટે વિરહાનલ યુક્ત

આ જે શરીર છે, તેને શોભાવો. હે સખા! છાનામાના પણ (ગુપ્ત રીતેય) આપનાં રસિક અને સુંદર વદનના દર્શનનો લાભ આપો. ૧.

તમે બીજાના ઘરમાં કેમ ભમો છો તે કહો. અને શા માટે આ પ્રમાણે અન્ય ગૃહમાં જવાના ઉપાલમ્ભ (ઠપકા) ને અને તેને પેટે અતિશય વચનોને સાંભળીને સહન કરો છો? જો આ પ્રમાણે નહિ કરો, તો માતાની સામીપ્યમાં હું અતિશય, સુંદર બાલલીલાઓની રચના કરીને ગાઇ બતાવીશ, અને તેમાં તમે અન્ય ગૃહોમાં ભમતા ફરો છો તે જણાવી દઇશ. ૨.

અથવા તો હે નાથ, આ આપણી દાસિકાના હૃદયરૂપી જે કોમલ પલંગ છે તે પલંગને વિશે લાંબા સમય સુધી શયન કરો. મારા નયનને અહાહા કોટિકંદર્પના લાવણ્યરૂપી અમૃતોના રસ સિંચનથી ઠંડક આપો. ૩.

હે ઇશ્વર! આપના વિષે આતુર બની બેઠેલી હું આપના વન-ગમનનું આ પ્રમાણેજ લાંબા કાલ સુધી ચિંતન કરૂં છું, આપ નિત્ય મારે ત્યાં પધારો. મારે ત્યાં પધારવામાં કોઇ પણ જાતનો સંકોચ પણ કરશો નહિ. આપણે ચરણે પડી હું વારંવાર નમન કરૂં છું. કારણ કે હું તો આપણે ચરણેજ પડેલી છું. ૪.

ગોવાલોનો ધર્મ છે કે ગાયોને ચરાવવા જવું. માટે કોઈ વત્સ (વાછરડા)ને સંગમાં લઈને તમે જો અહિં આવશો, તો આપના આ આગમનની ખબર પણ કોઇ નહિ વિદિત થાય, વળી આપનું રૂપ પણ મોહક છે. અને આપનું જે અંગ છે ને ત તો મુગ્ધ ભાવોના અમૃત રસનાં સિંચનોથી અતિશય કોમલ હોવાથી આકર્ષક અને મનોહર લાગે એવી રીતે શોભે છે, માટે પ્રભુ ઝટ પધારો. ૫.

હે પ્રભુ! આપનું જે મુખકમલ છે ને તેના દર્શનનો પણ લાભ નથી મળતો. તે દર્શનના અભાવે હૃદયને વિષે અતિશય પરિતાપ ઉત્પન્ન થયો છે. તે વિરહના પરિતાપના ભારને લીધે લાંબા સમયથી આ મારો દેહ છે, તે બળ્યાજ કરે છે, માટે હે પ્રભુ! આ મારા હૃદયને વિશે રહેલો મારો મનોરથ છે તેને શાન્ત કરો, પૂર્ણ કરો. હા પ્રભુ! પૂર્ણ કરો. અને આપની વિવિધ ગતિને લીધે ચિત્તમાં ઉત્પન્ન થયેલા ગૂઢ ભાવોને તેમજ મનોરથોને પૂર્ણ કરો. ૬.

હે નાથ! હું આપનુંજ ઘર છું. તમારીજ દાસી છું. મારૂં અખિલ કુલ પણ તમારા ચરણે છે. મનુષ્યના અધિપતિ! હે નાથ! તમારૂં પુષ્ટિજીવોનું વરણ સર્વથા ફલ વગરનું થઇ જશે. માટે અમારા ઉપર કૃપા કરો. ૭.

સદા દાસ હરિદાસના હૃદયમાં નિવાસ કરો. આ દુનિયામાં આ જે મારા નાથ છે તેનું મિલન કોને થયું છે? અને તેટલાજ માટે શ્રીવલ્લભ પ્રભુના ચરણનો આશ્રય માત્ર તું કર! કે જેથી કરીને ચિત્તને વિષે નિત્ય આનંદોના ઉભરાઓ ઉભરાય. ૮.

૬

હે સખિ ! પોતાના સુંદર રૂપથી વિશેષ મોહ પામેલી યુવતિઓના વૃન્દના જે રસિક વર છે, તેવા વેણુ ધારણ કરનાર ભગવાન્ માધવને તું ભજ. તારા વિરહને લીધે તે ભગવાન્ શીતલ ચંદ્રની પણ સૂર્યસમાન કલ્પના કરે છે. અને તેમને શરીરે ચોપડેલું જે ચંદન છે, તે પણ વિરહાગ્નિને લીધે ભસ્મના માફક વ્યાકૂલતા ઉત્પન્ન કરે છે. ૧.

બહુ દિવસથી તારા સંગમને માટે મુખથી કહ્યા કરે છે, અને ભ્રમર ગણના ગુંજારવ યુક્ત વનમાં પણ પવનથી, જલ્દીથી દુઃખ પામે છે ૨.

હે ભામિનિ ! ચકિત નયનોથી તારી પદવીને જુએ છે. ગોપીજનોના તે પ્રિય હોવાછતાં પણ હે તારા તરફ નમતું મન બને તેમ કરીને તુ તેમને તેને વશ રહે તેમ બનાવ. ૩.

સંજાત સુખનું સ્મરણ થવાથી, કમલની શય્યામાં પણ તે બહુ તપે છે. અને કામદેવના બાણોથી સંતાપના ભારથી ખૂબજ વિરહનો ફેલાવો કરે છે. ૪.

પુનઃ ઉઠીને હાથે કોમલ પાંદડાંઓની શય્યા બનાવે છે. બહુ શું કહું ? તારા મનોજ બહુવાર લાંબા સમયથી જાપ જપે છે. ૫.

રસયુક્ત તેવા એ ચતુર ચુડામણિ ભગવાન્ કિશોરે મિલનથી આનંદ ઉત્પન્ન થતાં એકદમ રસમય શ્રૃંગાર વેગમાં તારી સાથે કરી નાંખ્યો ન હોય તેમ જણાય છે. ૬.

શ્રીમાન્ નંદકુમાર ગોવર્ધનધર, એવા સુંદર કિશોરવરે, અમારાથી કહી શકાય નહિ, તેવું સુખ મેળવ્યું. ૭.

શ્રીવિઠ્ઠલચરણને અનુસરણ કરનાર, તેમના અનુચર રાંકમાં રાંક હરિરાયે આ અષ્ટપદીની રચના કરી છે. ૮.

૭

ગોચારણ કરવાને અહિં નંદકુમાર વનમાં ગયા. અને તે જતાં હે સખિ! સુંદરતાના સાર રૂપ તે ભગવાન્ હમણાં મારા મનથી સંગમાં ગયા છે, એમ લાગે છે. ૧.

મયૂરપિચ્છના આભૂષણને લીધે કરાયેલો રોષ જ્યાં વસી રહેલો છે, તેવી સ્ત્રીઓના આધારરૂપ તે ભગવાન્ છે. વળી રંગબેરંગી કુસુમો અને કોમલ પાંદડાંઓમાં મલી રહેલા ભ્રમરોના સમૂહથી તેમના કેશ સમૂહ શોભી રહ્યા છે. ૨.

મીનસમાન ચપલ એ નયનોથી જેમની કાંતિ શોભી રહી છે, તેવી પરમશોભાના

સુધાસાર તથા કર્ણકુસુમોના સમૂહથી જેમના કંઠ અને કપોલ શોભી રહ્યા છે, તેવા તે ભગવાન્ છે. ૩.

વિકાસ પામેલ નાસિકાની વિષે શુક્તિ યુક્ત મુક્તાફલનો રૂચિર આકાર ત્યાં થઇ રહ્યો છે. અને ચુંબનના મથનથી વિશેષે કરીને નિસરેલ બિંબાધરામૃતથી તે ભગવાને સ્ત્રીઓને લોભાયમાન બનાવી મૂકી છે. ૪.

ભગવાને પોતાના કંઠમાં સુંદર મોતીની હાર બનાવી છે. અને તેમના કોમળ કમનીય કલેવરની શોભાથી જીતીને કામદેવનું માન હટાવી દીધું છે. ૫.

કુંવારિકાઓના ભય અને લક્ષણ યુગથી શોભાયમાન છે જેમનો કર તેવા ભગવાન્ પરમ ઉદાર છે. પોતાની અતિશય કોમળ કટિથી તેમને યુવતીજનોને વિહારનું કઠિન સ્વરૂપ જણાવી દીધું છે. ૬.

વિશાળ, કેળવૃક્ષના પાંદડા સમાન કોમળ ચરણવાળા તે સુકુમાર ભગવાન્ છે. તેમના ચરણયુગને તે ભગવાન્ સદા મારે માથે મૂકો. હે મુરારિ! હું બહુ વિલાપ કરૂંછું. ૭.

શ્રીવલ્લભ પદકમલનું સદા સેવન એજ તે સવિકારમાં સાધન છે. હું આટલીજ વિજ્ઞાપના કરૂંછુ. હે હરિ! સદા જલ્દી પ્રસન્ન થાવ. ૮.

૮

હે સખિ! ભ્રમર અને કોકિલાના સમૂહવાળી કુંજમાં શ્રીગોકુલની રમણીઓને રમાડનાર ગોકુલપતિને નિહાળ. જો, અત્યારે આ અનુરાગી વસંતઋતુ વિલાસે છે. જો, સામી કુંજમાં રતિને ઉત્પન્ન કરનારી માધવી લતા ખીલેલી છે. બીજી તરફ, મન્દ, સુગન્ધ અને શીતલ એવા ત્રિવિધ પવન વડે વિરહનો અનુભવ કરતી નવ યુવતીઓના હ્રદયમાં મદનરાજનો સામંત (વસંત) વિરાજે છે. ૧.

કેસુડાનું રૂપ ધારણ કરીને જાણે પ્રિયાના અધરપાનનો વિનોદ કરતો ન હોય એવા એ વસંતના રૂપને નિહાળ, રસથી પરિપુષ્ટ એવી બકુલની કળીઓના વિકાસથી સરસ સુગન્ધવડે જેણે ભ્રમરોને બોલાવ્યા છે તેવી તે વસંત છે. ૨.

અત્યંત નવીન ને સુંદર આંબાના મો'રથી જગાડનાર તે વસંત છે. અને પ્રિયાના દાંતના જેવી કાંતિવાળા કુંદ પુષ્પની કળી જેના વદનનું ઘણીવાર સુધી સ્મરણ કરાવે છે, તેવી વસંતને નિહાળ. ૩.

યુવતિજનના મનમાં રહેલા માનરૂપી મદોન્મત્ત ગજરાજને નસાડનાર વસંતરૂપી મૃગરાજને જો કે, જે વસંતમાં કોયલના ટહૂકાર વડે ઉત્પન્ન થયેલ વિરહાનલથી તપતા પથિકોનો સમાજ છે. ૪.

વિસ્તૃત પરાગવાળા કુસુમોના સંબંધથી માર્ગને ઘણોજ સુગંધિત જેણે કરેલો છે, તેવો વસંત વિરાજે છે. ખીલેલા કેસુડાના મિષથી વિસ્તૃત અને વિરહરૂપી જે ગહન વન તેમાં જેણે દાવાનલ સળગાવ્યો છે, તેવા વસંતનો આ સમય છે. ૫.

પલ્લવ અને પુષ્પયુક્ત વને તો યુવકોને તેમનું ઘર ભૂલાવી દીધું છે, અને વિરહથી દીન બની ગયેલા પુરૂષોનો દેહ જેણે મદનરૂપી અગ્નિનો ભડકો કરવા માટે પ્રવાહી બનાવ્યો છે, તેવી તે વસંત છે. ૬.

જગત્માં રહેલા સમાન શીત અને તે સિવાયની વસ્તુઓ વડે સુંદર આકાર રચ્યો છે, આ વસંત તો એવી છે કે જેણે વનિતાના સંયોગને સેવનારને આનન્દનો સુંદર ભાર ઉત્પન્ન કરી દીધો છે. ૭.

અયિ માનિનિ ! આવું હિતકર વચન માન ગોકુલવાસમાં પ્રીતિ કર. અને અતિશય કરૂણાના રસવાળા હરિદાસ (ગોવર્ધન પર્વત)માં (આવી રીતે વિહાર કરવા માટે) મતિ કર. ૮.

૯

હે સુંદર ગોકુલેશ ! આપનું જે વદન છે, તે અત્યંત દીન એવા મને બતાવો. હે પ્રિય માધવ ! આપ મારિ સાથે એકાંતમાં સતત મિલન કરો. એટલુંજ નહિ ! પણ હે પ્રિય! કાયમ મારા ગૃહાંગણને દીપાવો. ૧.

હે પ્રભુ! કામદેવે કરેલા મારા નાશને આપ આપના સુંદર સુકોમલ શરીરથી એકદમ બંધ કરી દો. હે કરૂણાના ભંડાર ! અતિશય દુ:ખિત એવા આ તારા સેવકના આ દીનતમ અવાજને સાંભળો. ૨.

હે કૃપાપર ! જો કે દોષથી મેં આપને નિષ્ઠુર વચનો કહ્યાં, તો પણ હે પ્રભુ, હે માન આપનાર ! વિરહની વિવિધ રચનારૂપ મને આપના ચિત્તમાં સ્થાન આપો. ૩.

હે નાથ! આપના પરિપૂર્ણ વિયોગ વડે સાગરને હું તરી શકતો નથી. હે અહિતનાશન! હવે અનુચિત સાધનવાળું આ હૃદય પણ વારંવાર, તપે છે. ૪.

હે નાયક ! જેમણે ગોવર્ધન પર્વત ધારણ કર્યો એમના માટે આ શું અશક્ય છે? હે સ્વજનના સેંકડો દોષોને દૂર કરનાર ! આપના માટે આ મારા જેવાની દુર્મતિને હરિ લેવી તે શું કઠિન છે ? ૫.

હે હરિ ! એકદમ દીન અને કદીપણ ન રોકાય તેવા આચરણવાળા મને આપ હમણાં શું ત્યજો છો ? અત્યંત ઉત્તમ ચરણકમલમાં તો ભગવાન્ તેમના આદરરૂપી ઇચ્છેલા ફળને આપે છે. ૬.

હું તો હે પ્રભુ! કાયમનો વિશ્વાસ રાખીનેજ બેઠો છું કે આપે જે મારૂં વરણ કર્યું છે, તે ફલશેજ. વદનામૃતનાં કિરણોથી વધારે શાંત રૂપ ધારણ કરનાર, હે પ્રભુ, અહિંઆં તો આપજ મારૂં શરણ છો. માટે શરણે આવેલા મને આપ કહો કે તારૂં વરણ ફલરૂપ થશે. ૭.

હે હરિ! વિરહાનલમાં થતા મારા મરણને નિવારો, એમ મારી વિજ્ઞાપના છે. જે વલ્લભાચાર્ય-ચરણે મારૂં ભરણ કર્યું છે, તે સદા મારૂં શરણ થાવ. ૮.

૧૦

હમણાં મારૂં મન હરિ ભગવાનનો આશ્રય કરે. અને તેમના ચરણ મારા માનસને પરિપૂર્ણ કરો. અહિંથી હવે ભગવાનનું વર્ણન કરે છે.

નંદગૃહમાં સતત નિવાસ કરનાર, દર્પણના દર્શનથી વિશેષ હસતા, કમલની સમાન રસિક અને અત્યંત રસાલ જેમનું મુખ છે, અને વાસ્તવિક મકરંદ પડતું હોય છતાં જાણે કે કપટથી લાળ પાડતા હોય તેવા હરિને ચરણ શરણ મારૂં મન જાવ. ૧.

વળી, અલકાવલિમાં મોતીની લહેરો ગૂંથેલી છે. વળી પાન કરેલા દૂધના કોગ કરી નાંખેલા છે, માતાએ જેમના ભાલપ્રદેશમાં ગોરોચનથી તિલક કરેલું છે, વળી ક લના મધ્ય ભાગમાં શ્યામ બિંદુ શોભી રહ્યો છે તે જાણે એવા ભ્રમર નહોય તેવી શોભતા ભગવાનને વિષે મારૂં મન પરોવાવો. ૨.

તદ્દુપરાંત, શ્રી ગોપીજનોના મુખરૂપી ચંદ્રના ચકોર, અને ચકિત દૃષ્ટિપાતથ તેમના મનને ચોરી લેનાર, શબ્દાયમાન નૂપુરવાળી ગતિ પણ જેમની શોભે છે, અને ચપટીઓના અવાજથી પણ જે શોભે છે, તેવા પ્રભુ છે. ૩.

પુનઃ સિંહનખના આભૂષણથી જેમનું હૃદય શોભી રહ્યું છે, અને નિજજનના વિરહતાપને દૂર કરવામાં દયાવાળા છે, તથા જેમના હૃદયને વિષે મણિગણનો હાર શોભી રહ્યો છે, અને નવનીતથી પણ હે સખિ જે સુકુમાર છે, તે મારૂં શરણ થાવ. ૪.

પોતાની કાંતિથી મન્મથને જેને જીતી લીધો છે, એવા એ સાક્ષાત્ મન્મથના પણ મન્મથ, વાંકું જોઇ જોઇને જેમણે વ્રજનારીઓને મોહ પમાડી દીધી છે, ગોપીજનોના ગૃહમાં જઈને ચોરી ચોરીને જેમને નવનીત ખાધું છે. સ્તબ્ધ કરનાર વચનવાળું જેમનું સંગીત છે, તેવા પ્રભુને શરણે મારૂં મન જાવ. ૫.

લાડુ મળવાથી જેમને ખૂબ હર્ષ ઉત્પન્ન થયો છે, બહુ પ્રકારનાં નૃત્યોની રચનાથી જેમણે સુખનો વર્ષાદ વર્ષાવ્યો છે, ગોપ બાલકોને સાથે લઇને જેમણે બાળલીલા કરી છે, અને તેમના તરફથી ઠપકો આવતો હોય તેવા સમયે ભયભીત બની ગયેલા જે શ્રીહરિ છે તે શ્રીહરિચરણને શરણે મારૂં મન જાવ. ૬.

હસી હસીને માતૃચરણુ જેના મુખ જુવે છે, તથા ચૌર્યના સિદ્ધાંતને જે અનુસરનાર છે, અને લજ્જાના ભારથી તેમણે વદન નમાવેલું છે, કે જે નમેલા વદનથી ભક્તિરહિત મનુષ્યોને બોધ થાય છે. ૭.

મુગ્ધ મુખથી પોતાનું રૂપ જેને દેખાડયું છે, જેના મુખારવિન્દે પૃથ્વી ઉપર ઉત્પન્ન થતા કમલની ઉપમાને જુઠી દેખાડી આપી છે, તે શ્રી વલ્લભચરણુ કમલના વાસરૂપ શ્રીહરિદાસ ઉપર કોઈક વાર પણુ કૃપા દષ્ટિથી જુઓ. ૮.

૧૧

મદનરાજના સૈનિકોના રણમાં જેણે જીત મેળવી છે તેવા પુણ્યથી વરાયેલા ભગવાનમાં મારી રતિ હો. કેલિકલામાં સ્થિતિ કરવાથી જેનાં સર્વ આભૂષણો ચોરાઈ ગયાં છે, તેવા શિથિલ શરીરવાળા ગિરિવરધર (કે જેમનું ગિરિવરને ધારણ કરતાં પણુ અંગ શિથિલ નહોતું થયું અને અત્યારે થયેલ છે તે) ને વિષે મારી રતિ હો. ૧.

જેમના વદનને વિષે અંજનનું ચિહ્ન શોભી રહ્યું છે, પોતાના અતિશય સૌન્દર્યને ીધે કમલના ઉપર પણુ જેણે જીત મેળવી છે, તે ભગવાનને વિષે મારી રતિ હો. ૨.

કુંદપુષ્પના સમાન જેમના દાંતની કાંતિ શોભી રહી છે, અને મેઘવાણી સમાન મનો ગંભીર અવાજ છે તે ભગવાનને વિષે મારી રતિ હો. ૩.

તે ભગવાન્ અનુનયને લીધે સર્વ નાયિકાઓ આગળ નમ્ર બની ગયેલા છે તથા ાધરના અધરનું મધુપાન કરવામાં તે ચતુર છે. ૪.

અતિશય ઉજાગરાને લીધે તેમનાં નેત્ર અરૂણુ બન્યાં છે, તથા નિદ્રા અને આળસને લીધે શયનની સ્મૃતિ તેમને થાય છે. ૫.

દર્પણમાં તેમણે પોતાનું હાસ્ય દેખાડેલું છે, તથા જે એકાંતમાં વારંવાર વસ્ત્રો બદલે છે, તે ભગવાનને વિષે મારી રતિ થાવ. ૬.

પ્રિયાના પગમાં નમન કરવાથી કુંકુમ જેમના ભાલ પ્રદેશમાં સૂર્યના સમુદયકાલની માફક જાણે તેનું અનુકરણ ન થતું હોય તેમ શોભે છે, તેવા ભગવાનને વિષે મારી ગતિ હો. ૭.

શ્રીવલ્લભપદકમલ એજ જેનું ચિત્ત છે, અને તેના વિષેજ જેમનું ચિત્ત ગયેલું છે. તેવા હરિદાસને વિષે હે પ્રભો! આપ વસો. ૮.

૧૨

હે રાધિકા! મારૂં કહેવું માન. અયિ! ગોકુલરમણીઓની સાથેના મિલનથી યેલા અપરાધી ઉપર કરૂણા કર. ૧.

કમલદલ સમાન નીલ રંગવાલા, રૂપસુધાના સાગર, તારામાં લીન બનેલા છે, સુંદર વદનચંદ્રના સ્મરણથી અહિત કરનાર એવો અતિશય મદનનો ભાર તેના ઉપર છે, માટે તું કરૂણા કર. ૨.

મયૂરપિચ્છના સરી પડતાં પિંછાંના અતિશય સમૂહવાળી માલતિની માળા જેના કેશમાં શોભી રહેલી છે, તિલકની સુગંધરૂપી ફલ છે મળેલું જેને તેવા ભ્રમરરૂપી કુન્તલો જેના ભાલ ઉપર વિરાજે છે, તેવા ભગવાન્ પર કરૂણા કર. ૩.

ભ્રમરરૂપી ધનુષ્યથી તમાલપત્રની અણી જેમ યુવતીઓનાં વૃન્દને જેણે હણ્યું છે, અને માનરૂપા સિંહથી મનોરૂપી મૃગલાનો વધ કરનાર એવા તારા મનરૂપી સિંહથી ભયની બુદ્ધિ ઉત્પન્ન થતાં જેની મતિ મંદ થઇ ગઇ છે, તેના ઉપર કરૂણા કર. ૪.

વેણુને વગાડવાથી તેની નાસિકાઓ પ્રફુલ્લિત છે, તથા જેનાં નયનો સચકિત બન્યાં છે, તેણે પ્રત્યેક વૃક્ષના પ્રત્યેક પત્રમાં સુંદરીરૂપી જે મન તેનાથી મૃગ જેવા ચંચળ નેત્ર સ્થાપન કર્યા છે માટે તું કરૂણા કર. ૫.

સ્પષ્ટ રીતે જેમના નિશ્વાસો નીકળી રહેલ છે, અને તેનાથીજ જે ધીર છે, જે તારા ઘણાજ ગુણગાન કરેલાં છે, અને વિરહરૂપી અગ્નિએ જેના દેહનું વિધૂનન ક છે. અને તેનાથી તાપનાં વિધાન જેણે જાણેલાં છે, તેના ઉપર તું કરૂણા કર. ૬.

ભૂમિ ઉપર આળોટવાથી સિદ્ધિથી સંપાદિત કરેલું છે નિર્વિઘ્નપણે રસનિ (પૃથ્વી) રૂપ જેણે તેના ઉપર કરૂણા કર. વળી મદન દેવની પૂજા કરવાથી રચાયેલા તાપ અને પવન અને તેનાથી ઘણોજ જે ધુંધવાયેલ છે તેના ઉપર કરૂણા કર. ૭.

શ્રીવલ્લભવરના ચરણકમલની સેવાથી જેમણે નિકટ વાસ કર્યો છે એવા નિજદાસ હરિદાસ પર હે દીનૈકકૃપાકર! પરમ કૃપા કરો. ૮.

૧૩

હે સખિ, અહિં હિંદોલામાં હરિ સકલ જગતથી અધિક એવાં શ્રી રાધિકાજી સાથે શોભે છે, અને વિવિધ પ્રકારનાં બાહ્ય રમણોથી હાસ્ય કરે છે. ૧.

ખરેખર, વીજળીઓથી વિંટાળાયેલા નવાં વાદળાંની જેમ તે અતિ ગંભીર ગર્જના કરે છે, અને કોમલ. કુસુમ સમાન શ્રમબિન્દુઓ અનુરાગી ઉપર ચારે બાજુઃએથી વર્ષે છે. ૨.

ચિત્રવિચિત્ર વસ્ત્રોથી શોભી રહેલી યુવતિઓના સમૂહમાં તે ભગવાન્ મધુર ગાન કરે છે અને રાધિકાજી પણ વારંવાર પદેપદે તે નિજ પતિના સ્વરૂપનું મુદ્રિત નયનથી ધ્યાન ધરે છે. ૩.

હે સખિ! ભાતભાતનાં સુંદર કુસુમોના મકરન્દની ગન્ધવડે મોહ પામી ગયે

તે ભ્રમરા (કૃષ્ણ) પાછળ હે સખિ! રાધિકાજી જાય છે. અને યમુનાજીના ઉપવનને સતત સેવનાર પવનમાં યમુનાજીની સરસ રજને પ્રભુ વેરે છે. ૪.

રમણીઓનાં વદનરૂપી ચંદ્રના ઉદયથી મોહિત થયેલાં છે નયનરૂપી જે કુમુદ યુગલો તેને વિકસાવે છે, તથા સુંદરતા રૂપી સરોવરના રસમાં સ્નાન કરવા માટે અત્યંત સજલ નયનોને વારંવાર વિકસાવે છે. ૫.

બડભાગી ગોપીજનોના યૂથમાં, હે સખિ! પ્રભુ અનુપમ સુખને મેળવે છે. અને રાધિકાજી પણ કેવલ એક કરૂણ દૃષ્ટિ વડેજ નિજનાથને વિષે અત્યંત સુંદર રીતે પતિને પાછો મેળવે છે.

આના જેવી પ્રભુની લીલાનું આ ચિત્ત વિવેચન કરવા ઇચ્છે છે. અને તેજ ચિત્ત વિષયરૂપી દોષમાં રહેલી બુદ્ધિના બલથી ઘડાયેલી કુમતિને જીતવા ઇચ્છા કરે છે. ૭.

શ્રીવલ્લભપદના બન્ને ચરણકમલમાં પડેલો એવો જે હરિદાસ કે જે દીન છે, તે બહુ કલ્પાન્ત કરે છે. અને એવી ભગવલ્લીલાનું અનુસંધાન કરીને હસતા હરિદાસ વિરહથી વશ થઈને જલ્પન કરે છે. ૮.

૧૪

હે સખિ! મનોહર ભ્રમરના યૂથવાળી નિકુંજને વિષે બિરાજતા તારા વિયોગથી પામતા તથા ગુંજારવ કરતા ભગવાનને સુખી કર. અને મારૂં વચન માન! માનનો ાગ કર. જેમને તારે માટે પોતાના માનનો પણ ત્યાગ કર્યો છે તેમને તું સુખેથી ભજ! અલિ! નિજપતિનું સન્માન એજ તારા જેવીને તો શોભે છે! તેમની સાથે મળીને અલિ સખિ! અમૃતસમાન સુખનો અનુભવ કર. ૧.

ભાતભાતનાં રંગબેરંગી વસ્ત્રોને પહેર! નાસિકા વગેરે સ્થલોએ આભૂષણો ધર. નિર્જન રાત્રિ થતાં એકદમ આવજે, કારણ કે અલિ સખિ! જો જીવનનું કંઇ પણ સાફલ્ય છે, તો તે આજ છે એમ જાણી લે ને મારૂં કહ્યું માન. ૨.

અલિ સખિ! પોતાના કિરણોથી જેમણે તે આખા વન પ્રદેશને ધવલ બનાવી દીધો છે, તેવી સકલ કલાના ઇશ્વરનું હે સખિ! અવલોકન કર. સમયમાં રહેલા આપણા ચિત્તના પણ ઇશ્વર છે. અને કહેવરાવેલા આ ફલના સંદેશરૂપ છે. ૩

ગાયો અને ગોકુલના સમાનશબ્દનીતથા સુંદર રીતે સજ્જ થયેલું છે જેનું રૂપ તેની હે ભામિની! તું સેવા કર. નિશ્વાસો નાંખી નાંખીને તો તું ધૂપાદિ ઉત્પન્ન કરે છે ત્યારે હવે તેની પૂજા કર, તેનું સન્માન કર, અને તેમને મન ભાવતાં રસમય ભોજનો કરાવ. ૪.

વિવિધ લતાઓને પલ્લવોથી વીંટળાયેલ, ફાલ્યાં ફુલ્યાં વિવિધ વૃક્ષોના ફલથી અને જનાથની દૃષ્ટિથી શોભાયમાન લલિત વૃંદાવનને નિહાળ. ૫.

પાંદડાંઓની જેમને શય્યા બનાવી છે, તેમનું સેવન કર. હે સુંદરિ મારાં નયનોને સફલ કર. શા માટે નકામા ત્યાં રહેવાનું છોડી દે છે ? તારા હૃદયમાં તેમના રસનો સંચય કર. ૬.

જેમ વાદળાંઓમાં વિજળીઓ રહે છે તેમ જો સતત તેમની સાથે રહીશ. તો અતિશય વિસ્તારવાળા સુખને તું અનુભવીશ. અમને પણ તેજ માન્ય છે, અમે તે અનુભવેલું નથી માટે જો તને સુરતની પણ ઇચ્છા હોય, તો અમે આ નિકુંજને જન રહિત, (પ્રિયાપ્રિયૈકયુક્ત) બનાવી દઇએ માટે માન ૭.

આ મે કહ્યું છે. હરિદાસને પ્રભુ સુખ આપજો. શ્રીવલ્લભપદના યુગમાંજ તે હરિદાસને વિશ્વાસ છે. શ્રીભાગવતના વિચારમાંજ વિલાસ પામતા તે હરિદાસ ઉપર હે કૃપાળુ પરમાત્મા આપ કૃપા કરીને આપે ખેલેલા રાસનાં દર્શન આપો. ૮.

૧૫

શરણે આવેલા ભકતોને અભયદાન આપનાર પ્રભુને હું વંદન કરૂં છું. તે ભગ નથી વિખૂટા પડેલા જે પ્રભુ ભકતો છે, તે ભકતોનું મન પણ ભગવદ્વિરહથી દુઃખ છે. તેવા દુઃખિત થતા ભગવદ્ભકતોના મનને જીવનના સંતોષરૂપે પોતાનો આ આપનાર હરિને હું વંદન કરૂં છું. ૧

નિષ્પ્રપંચ રીતિએ કરૂણાના રસથી સંતોષ પમાડીને પોતાના ભક્તજનના નયનોને જે હર્ષ આપનારા પ્રભુ છે, તે પ્રભુને વંદું છું. વળી, પોતાનું નામ સ્મરણ કરવામાં આતુર જે ભકતો છે, તે નિજભકતોના કરેલા વિવિધ પાપોનો નાશ કરનાર ભગવાનને હું વંદન કરૂં છું. ૨.

વ્રજયુવતિઓના જીવન મૂલને, ચિત્રવિચિત્ર પીળું રેશમી વસ્ત્ર જેમણે પહેરેલું છે તેમને, પોતાનો વિદ્વેષ કરનાર મનુષ્યોને પ્રતિકૂલ, અને નિજજનના મનમાં રહેનારાં શૂલને દૂર કરનારને હું વંદન કરૂં છું. ૩.

વિરહથી મનમાં ઉત્પન્ન થતા માનની અસરને દૂર કરનાર, વિષયરૂપી મહાવિષનું પાન કરીને તેને ચૂસી લેનાર, વિવિધ રીતિએ વિકાસ પામતાં, અજ્ઞાનને છુંદી નાંખનાર, ગુણગાનનેજ જેમને સાધન બનાવ્યું છે તેવા ભગવાનને વંદન કરૂં છું. ૪.

કરોડો કામદેવના દેહની કાંતિથી અતિશય લલિત લાગતા, રાસાદિ સેંકડો લીલાઓમાં ગૂંથાયેલા, ઉત્પન્ન થયેલ સર્વજનના ભાવને કળી જનાર, પોતાના શ્રીહસ્તને વિષે રહેલી મુરલીને નિજ મધુર અધર ઉપરથી વગાડનાર પ્રભુને વંદું છું ૫

ગોકુલના સર્વ બાલકોનો સાથ કરનાર, ગોચારણ સમયની ગતિથી રતિનું

ગાયોની માફક રક્ષણ કરનાર આવેલા દૈત્યોને કરાલ કાલ સ્વરૂપે બિરાજતા, અને શરણાગતોને વિવિધ લીલાઓથી પરિપાલન કરતા ભગવાનને હું વંદન કરૂં છું. ૬.

પોતાનુંજ ધ્યાન ધરતા નિજભકતોને સંતોષ આપનાર, વ્રજયુવતીજનોની લીલાને વિષે આસકત, ઉત્પન્ન થયેલા મદનયુકત મત્તનયનથી અનુરાગી બનેલા, અને નિજ ભકતોની સાથે જેમનું વિવિધ પ્રકારે રમણ ફલયુકત થયેલું છે, તેવા ભગવાનને હું વંદન કરૂં છું. ૭.

શ્રીવલ્લભવરના ચરણાધાર, સંસારનું સેવન કરનાર મનુષ્યોથી કાયમ સેવાતા, આ દીન હરિદાસ ઉપર આપ સદા કૃપા કરો. અને શરણે આવેલા આ હરિદાસને અપાર સંસાર સમુદ્રમાંથી તારો. ૮.

૧૬

હે નંદરાયજીના ઘરમાં વાસ કરનાર, આપની અનુકંપાથી ભકતજનોથી સધાતા, દ્રાને લીધે અરૂણ નયનો જેમનાં વિકસેલાં છે તથા આળસથી પરિહાસ (ઠ
કરીઓ સહિત આનંદ) નો સંચય કરનાર, હે પ્રભુ! મારૂં પાલન કરો. ૧.

હે વિષમ છે જેમની ચાલ તેનાથી વિષમ (બીજા સમજી નશકે તેવી રીતે)રીતિએ
ને હરી લેનાર, નેત્રકમલોથી રસદાનનું સૂચન કરનાર, રસના સંબંધથી જેનું અજ્ઞાન
લસે છે, અતિશય શિથિલ પીળું પિતામ્બર ધારણ કરનાર, મારૂં પાલન કરો. ૨.

હે જેના શરીર ઉપર નખક્ષત થયેલ છે. ઠંડા શાંત પવનને સેવનાર, માયિક વચનોને રચવામાં અતિશય ધીર, વ્રજયુવતિઓને શિક્ષા કરવામાં પોપટરૂપે રહેનાર હે પ્રભુ! મારૂં પાલન કરો. ૩.

હે મદન કરતાં પણ અધિક સુંદર નંદરાયજીના નંદન! વૃંદાવનને વિષે પ્રકટ થયેલા ઈન્દ્ર! ગોવર્ધન પર્વતની કંદરાઓમાં સેવન કરનારા અમૃતમન્થન વખતે મંદરાચલ ધારણ કરનાર! મારૂં પાલન કરો. ૪.

કાલા ભ્રમર સરખા કેશને વિષે મુકુટ જેમનો ગુંથાયેલ છે તેવા હે પ્રભુ! કુંદના કુસુમોથી શ્રૃંગારને રચનાર, કમલચંદ્રની શોભાથી મન્મથને જીતી લેનાર, લીલામાં કરેલાં વિઘ્નોનો નાશ કરનાર, મારૂં પાલન કરો. ૫.

ચરણપતનથી કુંકુમયુકત કપોલને ધારણ કરનાર! અતિશય રતિથી જેમની નવ વનમાલા વિશેષે સૂકાઈ ગઈ છે તેવા હે પ્રભુ! હસ્તને વિષે રહેલા કમલના નાલને ફેરવનાર, શુભ રીતે કરેલી છે લીલા જેણે એવા હે ગોપાલ, મારૂં પણ પાલન કરો. ૬.

ગોપીજનના ભાવનું જેણે સન્માન કર્યું છે, એકતાનથી મનને વિષે વનનેજ ધારણ

કરી રાખનાર, કોકિલાના સમૂહના મધુર અવાજને સાંભળનાર! એકદૃષ્ટિથી મૃગશાવને દેખાડનાર હે પ્રભુ! મારૂં પાલન કરો. ૭.

કાયમ રાસલીલાના ફલનું સ્મરણ કરનાર, ગોપીપતિના વિશ્વાસરૂપ શ્રીવલ્લભવરના પદમાંજ વાસ કરનાર, ભગવાન્‌ની ગીતાનાં ગુણોનુંજ ગાન કરનાર, શ્રીહરિદાસના ઉપર પ્રભુ કૃપા કરો. ૮.

૧૭

ભગવાન્‌ના ખેલનથી મનને વિષે આનંદ પામતાં યશોદાજી, તેમની બાલલીલાઓના વિનોદનું કાયમ ચિન્તન કરતાં કરતાં, સુંદર કેશસમૂહોની સંવૃતિ (વાળ બરાબર કરવા તે)ઓથી રૂચિર પુત્રરૂપી ભગવાન્‌ના વદનની ભાવના કરે છે. ૧.

કેવલ ભાંવોનીજ વિશેષ ભાવના કરીને દીન બનેલાં, જેમની બાહુલતાઓ પણ વત્સલતાનીજ બનેલી છે તેવાં, તથા પ્રભુને ભેટવાને સમયે વિવેક વગરનાં બનતાં યશોદાજી, મીન સમાન ચપલ નયનવાળા શ્રીવદનની ભાવના કરે છે. ૨.

સુંદર ઉર્ધ્વપુંડ્રનું તિલક ધારણ કરનાર ભ્રમરીની માફક કાજલનાં બિંદુવાળાં વદનની પુનઃ પણ તે ભગવાન્‌ને વિષે નિરંતર ચિત્ત રાખનારાં, ધન વગરના મનુ સમાન ચિત્તવાળાં. શ્રીયશોદાજી ભાવના કરે છે. ૩.

અતિશય ભાવનાઓના ભાવનાના વિભાગ કરનારાં તથા હૃદયને વિષે જેમને અતિ અનુરાગ પ્રકટ થયો છે તેવાં શ્રીયશોદાજી ગગને વિરાજતા સૂર્ય સમાન ભગવાન્‌ના મૃદુ કપોલ ઉપરના મનોહર કુંડલોના યુગલની ભાવના કરે છે. ૪.

તે ભગવાન્‌ના સૌન્દર્યથી મોહ પામેલાં, આટલા દિવસો સુધી મળેલા આનંદોનું સંદોહન કરનારાં યશોદાજી વેણુવાદનથી ઉત્ફુલ્લિત નાસિકા અને તેને વિષે રહેલા હાલતાં જે મોતી છે તે મોતીના આભૂષણવાળા વદનની ભાવના કરે છે. ૫.

પોતાના હાથને વિષે રહેલા નવનીતને નિજબાલકને ખવડાવનારાં ગાયોની રજથી તેમની અતિશય રક્ષા કરનારાં, યશોદાજી અરૂણાધરના ફલથી જેમને બિમ્બના ફલની રતાશને પણ હરી દીધેલી છે, તે ભગવાન્‌ના વદન તરફ નિહાળે છે કે જે વદનની સુંદરતાને લીધે જનસમૂહની દૃષ્ટિ પણ તેના ઉપર પડે છે. ૬.

લાંબા સમયથી ભગવાન્‌ને વિષે ચિત્તમાં ભાવને સંચન કરનારાં, તાત; તાત, એવી બુમો મારતાં યશોદાજી (જેમની બાલલીલાઓનો આવિર્ભાવ થયેલ છે તેવા ભગવાન્‌ના) સ્વાભાવિક અતિશય સુંદરમાં સુંદર નીલ ચિબુકવાળા; વદનની, ભાવના કરે છે., ૭.

શ્રીવલ્લભચરણમાં આવાસ કરનારા હરિદાસને વિષે પણ સદા કરૂણા કરે છે, મારો છે એમ મને જાણો. હે ભગવાન્ પરવશહૃદયથી માનો. ૮.

૧૮

મુગ્ધ વિનોદ કરનારા હે મારા વ્હાલા બાળુડા ! તેં વનમાં જઇને શું શું કર્યું ? હમણાં કયાં જઇને આ પાંદડાંનો ઢગલો તારા માથા ઉપર મૂકી લાવ્યો ? ૧.

ડુંગરોમાં જન્મેલા મનુષ્યના જેવા આ તારૂં ચિત્રવિચિત્રિત જે વદન હતું, તેને આવું સુંદર લલિત કયાંથી કરી લાવ્યો ? વળી સુંદર કાળા ભ્રમર સમાન કેશને મયૂરપિચ્છની કલાથી યુકત પણ તે ધારણ કર્યા છે. આવું સુંદર વદન કયાં બનાવી લાવ્યો? ૨.

યમુનાજીના તીરે અતિશય શીતલ જલ તેં ગાયોના ધનને પાયું ? વળી અતિશય ગરમીને નિવારવા નિર્મલ એવા કયા જલમાં તે ધોયું ? ૩.

હે સુત ! વનને વિષે કયા કયા વૃક્ષોની છાયામાં ગોપબાલકોની સાથે બેઠો ? અને હે મારા વાલુડા બાળ ! અહિંથી મેં મોકલાવેલ ભોજનને તેં તારા મિત્રો સાથે હર્ષઘેલા બનીને વનમા ખાવું કે નહિ ? ૪.

અતિશય કોમલ ઘાસવાળા દેશને વિષે તેં ગાયોના કુલને કયાં ચરાવ્યું ? અરે ર ! તે ગચોને ચરાવતાં કાંટાના સમુહ લાગેલા તારા ચરણને બતાવ. ૫.

તે બાલકોના સમુહમાં કયી કયી લીલાઓથી તેં વિલાસ કર્યો ? અરે કોની સાથે મલીને તેં તે વિપુલ વનમાં દોડાદોડ કરી મૂકી ? અને તે કયાં કરી ? તે તું કહે. ૬.

આટલા માટે તારે હમેશાં અતિશય ભય હોવાથી મોટાભાઇ બલભદ્ર સાથેજ રહેવું. પ્રમાણે ખૂબ વિનયપૂર્વક કહું છે. માટે હે ભાઇ તું માન. ૭.

શ્રીવલ્લભવરના ચરણ કમલના સેવનથી તેમનાજ પદમાં વાસ કરી રહેનાર, તેમનાજ ગૃહના દાસ હરિદાસ ઉપર હે મિત્રોના વરદાન દોહનાર ! આપ સદા કૃપા કરો. ૮.

૧૯

હે ગોકુલનાયક, અન્યના હ્રદયમાં મન્મથને ઉત્પન્ન કરનારા પ્રભુ! આપ રાત્રિએ કયાં પધાર્યા હતા ? આવું કરવું આપને શોભતું નથી. હે વ્રજયુવતિઓને બહુ સુખ આપનારા ! તમારા માટે તે યોગ્ય નથી. ૧.

આપ જે વિનયનાં વચનોને કહો છો, તે અતિશય માનભરેલા અમારા હ્રદયમાં પ્રવેશતાંજ નથી. માટે આ મારૂં જે સન્માન કરો છો, તે સન્માનને પણ હું સાચું સ્વીકારતી નથી. કારણ કે હું જાણું છું તમારૂં ચિત્ત અન્ય વ્રજયુવતિઓને વિષે ચોટયું છે. ૨.

આપનું ચિત્ત અન્યમાં લગ્ન છે તેનાં અસંખ્ય ચિહ્નો આ આપનાં અંગના ભાવો રથી જણાઇ આવે છે. હવે તો તે સ્પષ્ટજ છે. મને વિરહી મુકીને આપ જ્યારે, આ

પ્રમાણે કરો છો, ત્યારે તો આપનાં વિનય વચનોને કે ગમે તેવાં માન મનાવતાં વચનોના સમૂહને પણ હું શી રીતે માનું ? ૩.

આ આપની ઉષ્ણીષ (પાઘ) પણ શિથિલ થઇ ગઈ છે, આ તમારૂં રૂપ પણ વિકલ દેખાય છે, અને આ તમે તમારૂં સર્વાંગ સુંદર બનાવ્યું છે, તે તો કેવલ નિજ દુઃખ માટેજ બનાવેલું છે. માટે રાત્રિએ આપ કયાં ગયા હતા તે કહો. ૪.

કુંકુમ તથા કસ્તુરીની ગંધોવાલી આ આપના હૃદયમાં રહેલી જે વનમાલા છે, તેને પણ આમ કેમ બનાવી મુકી છે. આપ તેમ બનાવવાને કેમ તૈયાર થયા છો ? હે દયાસુકત ! આપ મારા ભણી જોઇને મારૂં કે'વું સાંભળો. ૫.

આપ મારાથી વિખુટા પડેલા માટે રાત્રિએ નિકુંજમાં છાનામાના રાત્રિભર નક્ષત્રોનેજ ગણ્યા કર્યાં, અને અતિશય પવનોનો સમૂહ જે નિકુંજમાં છે, તેવી તે નિકુંજમાં નિજસખીઓથી જોડાઇને, નિરાશ બનીને હું પણ બેઠી. ૬.

આખી રાતનો ઉજાગરો થયો છે. આંખો લાલચોળ બની ગઈ છે. લાલચોળ બનેલી તે આંખોને પાણીથી ધોઇ નાખીને નિર્મલ બનાવ. હે યુવતીઓના વીર ! તેં પણ કામદેવની સાથે કેમ યુદ્ધ કર્યું છે? તે તો તું કહે. ૭.

શ્રીવલ્લભપદકમલની રેણુ જેને પ્રિય છે તેવા દીન હરિદાસ ઉપર હે પ્રભુ ! કરૂણા કરો. આપના પ્રત્યે અનુરાગ (પ્રેમ) કરવામાં અતિશય ઠંડો, દોષના ફલને ભે વનાર દીન હરિદાસ તેના ઉપર હે પ્રભુ આપ કરૂણા કરો. ૮.

૨૦

સંધ્યાસમયે માતા યશોદાજી અહિં બાલકને ભોજન કરાવે છે. મારા સકલ સુખને આપનાર એકદમ અતિશય મીઠા, કોમલ દૂધભાતને નિજમુખમાં મૂકો, એમ કહી માતા બાલકને જમા છે. ૧.

પ્રત્યેક કોળીએ માતા આનું આજ માગે છે. કે તારે પ્રથમ ચિત્ત દઈને ખાવું જોઇએ. તું ખાઇ રહું, પછીથીજ તારે આ ગોકુલના સઘળા બાલકોની સાથે રમવા જવું જોઇએ. અને આમ હોવાથી પોતાના બાલકને કહે છે, હે મારા વ્હાલુડા બાલ ! આમ ઉતાવળ શા માટે કરે છે ? અર્થાત્ નિરાંતે ખાને પછીથી રમવા જા. ૨.

ગોપકુલના પાલક ભગવાનૂને માતા યશોદાજી પુનઃ પણ હે બાલક ! તેં વનમાં કયું ચરિત્ર કર્યું ? તે મારી આગળ કહે' એમ ધીમે ધીમે કહે છે. તે જમણા હાથથી ભગવાનૂને પંખો કરે છે, અને વામહસ્તથી કેશ સહિત વદનનું માર્જન કરે છે. ૩.

નિજમુખમાંથી નીચે પડેલાં જે દૂધનાં ટીપાંઓનો સમૂહ છે, તે અદ્ભુત સમ

અતિશય વાંકી વાળીને, તેવી વાંકી દૃષ્ટિથી લુછી નાંખે છે. અને તે માતા યશોદાજી પોતાના બાલકના લાવણ્યની અમૃતવૃષ્ટિથી શ્રીમુખના દર્શનમાં અતિશય સુખી થાય છે. ૪.

અતિશય હસી હસીને મુગ્ધમુખ પર નયનો ઢાળીને, લોકમાં પ્રસિદ્ધ (લૌકિકમાં માતા જેમ પોતાના પુત્ર માટે કરે છે તેમ) પ્રિયકથાને વારંવાર કહે છે, હવે ભોજનમાં વિલંબ થાય તે માતા સહન કરી શકતાં નથી, બહુ વાર થાય તે તેમને ગમતું પણ નથી. કારણ કે તેમને સ્વચ્છ પલ્યંક ઉપર શય્યા સિદ્ધ કરી છે. ૫.

પ્રિયપુત્રની મનોહર બાલલીલાઓને નિજમાતા યશોદાજી પણ પ્રાણસદનરૂપી દાંતોને દેખીં દેખી ગાય છે, તેન સીત્કાર કરે છે, રોમાંચિત થાય છે, પ્રત્યેક પગલે હસે છે, અને તેને જોઇ, જોઇને મનમાં અતિશય રડે છે. ૬.

ખોળામાં બેસાડીને. મુખમાં પોતાનાં બે આંગળાં મૂકીને ધવરાવે છે. અને તેય તેના મુખનું તાબુલ મૂકીને બાલકને ખવરાવે છે. વનમાંથી તે પાછો ફરીને આવ્યો છે, માટે ખિન્ન છે, એમ માની માની તે તેને પોતાને ખોળે બેસાડી, કોમલ શય્યામાં શયન કરાવે છે. ૭.

હે પ્રભુ ! પોતાના વદનથી ચર્ચિત અધરામૃતનું દાન હરિદાસને આપો. તે શ્રીહરિ-

પણ શ્રીવલ્લભાધીશપદકમલના સેવનથી વિહિત ભાવના ભારથી ઉત્પન્ન થનારા

ના યાચક છે. માટે તે આપો. ૮.

૨૧

હે ગોકુલાધીશ! બોલો તમે આ સવારના પહોરમાં કયાંથી આવ્યા છો? તે તમે કહો, ઈતર યુવતીઓએ કરેલા ચિહ્નો જોઇને મનમાં એકદમ એમ આવે છે કે આપ શું મારૂં ઘર ભૂલી ગયા ? કે મારા ઘરમાં જે કષ્ટો થયાં તે તમારા મનમાં આવ્યાં ? ૧.

હે દયારહિત! આ મારૂં કહેવું સાંભળો. તમને રોષ કરીને આવવાની અહિં જરૂર નથી. ઘેર પાછા જાવ, મારી સાથે વધારે ન બોલો. જેના માનને જડમૂલથી ઉખેડી નાંખવાને તૈયાર થયેલા છો ત્યાં જાવ. અને શા માટે વિરહની ઘરની ખાઇએ આવેલીને બહાર કાઢતા નથી અને પેલીને માન મનાવવા જાવ છો. ૨.

નિખિલ નાથ! એવા તમારા રસ્તામાં પડેલા દોષોની ગણના વધારે ને વધારે દેખાય છે. ૩.

વિષયકૃત લાલસાઓથી તમારૂં મન જયાં લલચાયેલું છે, ત્યાં જાવ. અને આવેલા સુખને ત્યાંજ આપો. અને વિરહને લીધે ઉત્પન્ન થયેલા, વિરહના ભારથી અરેરે!

રિપૂર્ણ એવું જે દુઃખ તેને દૂર કરી, તેના મનોરથને હે હરિ! આપ જલદીથી

કરો. ૪.

હું તે સર્વ જાણું છું. પરંતુ હે ઈશ ! ખરેખર ભૂલી જઉં છું. પરન્તુ તે ગોકુલના રાજાના હૃદયમાં જે આવેલું છે, તેને તે તો ભુલતી નથી. તમે અહિં યાદ દેવરાવવાજ આવ્યા છો, હે ગોકુલાધીશ, તમારા વિનાનો સમય કલ્પ સમાન લાગે છે, માટે હું શું કરૂં ? ૫.

હે નાથ, જેવી રીતે મારા હૃદયમાં આપ આજ વિના બોલાવ્યે ખુશામત કરતા આવ્યા છો તેવી રીતે મારા હૃદયમાં બિરાજો, તેવી વિજ્ઞાપના છે. હે નાથ, આપ હવે ચાલો રાતભરના જાગરણુથી આપની આંખો લાલચોળ થઇ ગઈ છે, માટે શયન કરો કે જેથી આળસ સહિત પરિતાપ છે, તે પરિતાપ દૂર થાય. ૬.

આ પ્રમાણેનાં તેમનાં વચનો સાંભળવાથી જે માનિનીના વદન પ્રત્યે હૃદયકમલમાં અતિશય માન ઉત્પન્ન થયું છે તેવા ભગવાન્ અતિશય ભાગ્યશાળી, અદ્ભુત આકારવાળા શ્રીગોપીજનના મનોરથને પરિપૂર્ણ કરો. ૭.

વિષયીજનોના સંગથી ઉત્પન્ન થતી જે દુર્મતિ છે. તેના વિરોધ રૂપે અવતરેલા જે શ્રીવલ્લભાચાર્યજી તેમના ચરણકમલની રેણુને ચરણુ શરણુ આવેલા, ધર્મ રહિત અતિષય દ્રોષ કરનારાઓનોજ અરે રે ! સંગ કરનાર જે હરિદાસ છે તેમને તે આપો.

૨૨

શ્રીમદ્વલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર, ભકિતપંથથી શરણે આવેલા જે મનુષ્યો તે સર્વને નિઃસાધન બનાવનાર, શ્રી ગુસાંઈજીને હું વંદન કરૂં છું. ૧.

જેણે સારી પેઠે જણાવેલા ભાવ ભાવથી શ્રીગોકુલના નાથ (શ્રીકૃષ્ણ)જીને વશ કર્યા છે, તેમને તથા ઉપમા ન આપી શકાય તેવા ભાવોની વિભાવના કરવામાં અતિશય ચતુર એવા મારા શ્રીવિઠ્ઠલનાથજીને હું નમું છું. ૨.

હરિનો સંબંધ ધરાવતી વ્રજયુવતીઓના સમુદાયમાં વિવિધ પ્રકારના સંબંધથી સહાય કરનાર. અતુલ વચનોથી તરૂણુ સ્ત્રીઓને સંતોષ પમાડનાર, અને તેમના જીવન પતિરૂપ શ્રીવિઠ્ઠલનાથજીને હું વંદું છું. ૩.

મન, વાણીથી અગોચર કૃતિઓ રચી રચીને જેમણે પોતાનો મહિમા જણાવ્યો છે નિજ સેવકોથી સેવાયલા તમારા જે બન્ને ચરણો છે, તેમાં નમેલા હૃદયસ્થલને જેણે સ્વીકારેલું છે (આકર્ષેલું છે) તે શ્રીગુસાંઇજીને વંદુ છું. ૪.

વરણુ કરેલા જીવોના સુખના સ્થાન રૂપે રસમય મનોહર સ્વરૂપ જેણે પ્રકટ કરેલું છે, તે, અને શ્રીભાગવતની વિવૃત્તિનો બોધ કરવાથી નિજજનોની મતિમાં શોભાયમાન થયેલા એવા રાજા (સ્વરૂપે) શ્રીવિઠ્ઠલનાથજીને હુ વંદુ છું. ૫.

પોતાના અમૃતથી ચંદ્રમંડલના સુંદર વદનકમલને જેમને જીતી લીધું છે,

સર્વજનના મનને મોહ કરનાર, પોતાની કાંતિથી મન્મથના માનને પણ દૂર કરી નાંખનાર શ્રીગુસાંઈજીને હું નમન કરૂં છું. ૬.

કસ્તુરીના સહજ તિલકથી જેમનો સુંદર ભાલપ્રદેશ શોભી રહ્યો છે, તથા વાંકા વળેલા કેશો જેમના વદન કમલ ઉપર વીંટળાયેલા હોવાથી ભ્રમરોની માલા સમ જેમનું વદન લાગે છે. તેમને નમન કરૂં છું. ૭.

આવા શ્રીવિઠ્ઠલનાથજી કોઇ વખતે પણ આ કિંકર હરિદાસ કે જે તેમના પદમાં વાસ કરીને રહ્યા છે, તેમના ઉપર કૃપા કરો. અને ગોપીપતિના ચરણકમલમાં અતિશય ભાવ થાવ. ૮.

૨૩

નંદરાયજીના ભવનના ભૂષણરૂપ, સિંહનખના ભૂષણથી જેમનો હૃદયપ્રદેશ શોભી રહ્યો છે, મંદ મંદ હાસ્યથી જેમનાં નાસિકાઓ પ્રફુલ્લિત છે, અને તેનાથી જેમનું મુખકમલ પણ મનોહર દેખાય છે, જેમના વદનચંદ્રના કિરણોની કાંતિથી મનોજ(મન્મથ)નું ાન પણ ઘટી ગયું છે, તે શ્રીગોકુલેશને હું નમન કરૂં છું. ૧.

વદનકમલ ઉપર ભ્રમરસમાન જેમની અલકાવલિ અતિશય શોભી રહી છે, મયૂર છના મુકુટથી તથા ગુંજાની માલાઓથી ચિત્ર વિચિત્રિત બહુ જે શોભી રહ્યા છે, તે લેશને વંદું છું. ૨.

યુવતીઓના મુખકમલના ભ્રમરથી જેમનાં નયનો ચંચલ છે, અને પોતાનો અનુપમ ાવ ગુપ્ત, ચંચલ નયન હોવા છતાં રાખેલ છે તે શ્રીગોકુલેશને ભજું છું. ૩.

બે ભ્રમરોની વચમાં જેમની માતાએ મેશનું ટપકું કરેલું છે, અને અમૃતનાં રસઝરણાંઓથી ચંદ્રમા સમાન કિંવા તેનેય જીતી લેતું જેમનું વદન છે તેમને ભજું છું. ૪.

જેમના કોમલ કપોલ ઉપર કર્ણનાં બન્ને કુંડલો હાલે છે, તે પણ શોભે છે અને જેમના ચિબુકને વિષે હીરકનું ભય ઉત્પન્ન કરતું આભૂષણ છે, તેમને ભજું છું. ૫.

પુનઃ તે શ્રીગોકુલેશજીના કંઠ ઉપર સુશોભિત મુકતામણિનું આભરણ હોવાથી તેમની ગ્રીવા પણ સુંદર રીતે ઉદય પામે છે, અને ઘણા ભાવથી તેમને યુવતીજનોના જીવને પણ જીતી લીધો છે. ૬.

કેડ ઉપર પીળું પીતામ્બર હોવાથી તેમનું સ્વરૂપ પણ શોભે છે, અને તેમના કેવલ એક પગના નખની કાંતિથી તો દેવતાઓ, મનુષ્યો, ને મુનિગણો, તથા રાજાઓનું પણ માન ઉતરી જાય છે. ૭.

શ્રીવલ્લભાચાર્યના ચરણની કૃપાથી આ અષ્ટપદી મેં રચી છે! મારૂં આ વચન કારો એજ હે પ્રભુ મારી પણ વિજ્ઞાપના છે. ૮.

૨૪

પ્રિયસખિજનના વિરહમાં ભગવાન્ વનમાં ફરે છે. તે ભગવાન્‌નું વનમાં ફરવું તે વિરહી મનુષ્યના શરણરૂપેજ છે. ગોકુલનું પતિપદ પામનાર અતિશય ભાવવાળાઓના શોકના તરણ રૂપે તે ભગવાન્‌નું વનચારણ છે. ૧.

વનચરણમાં સુંદર ભાતભાતનાં વૃક્ષોથી વીંટળાયેલી લતાઓનાં વૃન્દો દેખીને આનંદ ઉત્પન્ન થાય છે, અને સુંદર ઠંડો પવન શરીર ઉપર આવવાથી તે વૃક્ષોના ઉપર રહેલા કુસુમોના મકરંદ પણ હાલે છે. ૨.

વનમાં ફરતાં ફરતાં આકાશમાં થતા મેઘના જેવા ગંભીર મનના વિલાસયુકત અવાજ સાંભળવાથી અતિશય હર્ષયુકત જેમનું મન બને છે તેવા તે ભગવાન્ સુંદર અદ્‌ભુત એ પાંપણના દર્શનથી હૃદયને વિશે રહેલા દુઃખને નિદારે છે. ૩.

ફલયુકત રસાલ શાલવૃક્ષની શાખા ઉપર રહેલી કોયલડીના કૂજનથી તે ભગવાન્‌ને વનગમનમાં કંઇક સુખ થયેલ છે, અને ત્યાં તે સ્થલને વિષે જેની શોભાની ઉપમા પ ન આપી શકાય તેવી સુંદર યુવતિજનનું મનોહર મુખ દેખે છે, તેથી પણ કંઇક ર પામે છે. ૪.

લીલા રસને જોઇને હરિરૂપ નામનું તે ચિંતન કરે છે, અને હૃદયને વિષે રં રાગ ગાનોના રણકારથી કણ્ઠનું સંવર્ધન કરે છે. ૫.

ગગનમાં વિલાસ કરતા અતિશય ગાઢાં વાદળાંઓના સમૂહોને જોઇને તેમને તે વનચરણ સુખ આપે છે. અને તે જ્યારે વનમાં ફરે છે, તે વખતે વૃક્ષોની શાખાઓના કંપવાથી મૃદુ પાંદડાઓ હાલે છે, અને તે રીતે હાલીને ભગવાન્‌નું સન્માન કરે છે. ૬.

પોતે વિવિધ સ્થલોએ કરેલી લીલાઓને જણાવવામાં તે અતિશય નિપુણ છે, અને પોતાની પાસે રહેલા પ્રિયના સુખસમૂહને વિચારવામાં તેમનું મન અતિશય કૃપણ છે. ૭.

આવી દશાવાળા હરિદાસને આવો ગહન વિહાર દર્શાવો. તે હરિદાસે તો પોતાના હૃદયમાં હરિને પ્રિય એવા વલ્લભવરના પદકમલના નખનઃ પ્રકાશમણિના હારોને સ્થાપ્યા છે. ૮.

૨૫

હે માનિનિ! વિયોગી થઇને શા માટે બેસી રહેલ છે? હરિની સાથે સંભોગ કર. તે હરિના અધરામૃતનું પાન કરીને તે પાનથી તારા મનમાં ઉત્પન્ન થયેલો અતિશય વિષમ ભવરોગ જે છે તેને દુર કર. ૧.

તે ભગવાને પોતે સ્વહસ્તથી એકત્રિત કરેલાં અતિશય સુંદર કુસુમોથી શયનગૃહ તૈયાર કર્યું છે, અને પ્રત્યેક પદે ત્યાં બેઠા બેઠા પોતાના ચપલ ચકિત નયનોથી અવલોકન કરે છે. માટે તેવા હરિને મલ. ૨.

શય્યાને વિષે શયન પમાડેલી એવી હે સખિ ! તારા ભાવથી તે શયનના સંદર્શનથી તેમને સુખ થયેલું છે. કારણકે તે એમ આશા રાખી બેઠા છે કે તે સ્ત્રી મારા ઉપર કૃપા કરશે. અને તે કૃપા કરવાની આશામાંજ તે અતિશય સંતોષ ભર્યા બની કાયમના હસતું મુખ રાખી બેસી રહ્યા છે, માટે તેમને મલ. ૩.

પુનઃ પણ તાલના વૃન્તથી જે પવન ફેરવાય છે, તે પવનથી પણ તેમનું હૃદય વિશેષ વશ થઇ ગયેલ છે. અને ત્યાં ઉત્પન્ન થતા શ્રમબિંદુઓની ગણત્રી જેમના વદન કમલ ઉપર મનથી જણાઈ આવે છે, તે ભગવાન્‌ને મલ. ૪.

વાંકડીઆ કેશ સમૂહોવાળા, જેમની આંખોમાં ઉજાગરાથી રતિનો આવિર્ભાવ દેખાય છે, અને આવી રીતે અતિશય કઠિન મદનનાં બાણોથી જે વિરહ દશાને ભોગવી રહ્યા છે, તેવી વિરહ દશાને ભોગવતા હરિને મલ. ૫.

કોઈએક સુંદર સ્ત્રીના મુખ ઉપર રહેલી ગંધના લોભથી અતિશય ભારવાળો નો શ્વાસ બની ગયેલો છે, અને પુનઃ પણ સ્તન ઉપર રહેલા હારની શોભાથી સતત ને રાસ સાંભળે છે, તે ભગવાન્‌ને મલ. ૬.

કમલ કરતાં પણ જે વધારે સુંદર એવા ચરણકમલની સેવા કરીને, દયાળુ હૃદય લમાં ભાવવાળું એકજ સુખ જેણેં સંપાદેલું છે તેમને મલ. ૭.

શ્રીવલ્લભપદકમલમાંજ જેમની વિમલ મતિ છે, તેવા હરિદાસને વિષે દયાસહિત હે સખિ! મનથી ભાવ પામો. અને આ પ્રમાણે વિનયથી ભાવવાળાઓનો નિજભાવ હરિદાસને આપો.

૨૬

હે કમલસમાન નેત્રવાળી, હરિનું અનુસરણ કર. હે સુંદરિ! કુસુમોથી બિછાવેલી સેજમાં હરિની સાથે શયન કર. ૧.

વિરહભાવ જેમના હૃદયમાં અતિશય ઉદય પામ્યો છે, અને તે વિરહભાવને દૂર કરવા માટે ગુણોનું જે ગાન કરે છે, તવા શ્રી હરિનું અનુસરણ કર. વળી, તે ભગવાન્ પ્રત્યેક અવયવોમાં દેખાતી ઉપમા આપી ન શકાય તેવી, કાંતિની પરિભાવનાઃ કરવામાં નિપુણ છે. ૨.

પોતાના પદકમલની આકૃતિ લાંબા સમય સુધી જોઇને વૃક્ષના પાંદડાઓની આકૃતિ ણુ તેવીજ છે, તેવી ભાવના જેમના હૃદયમાં થાય છે. ચરણકમલની ચમત્કૃતિ (ચિત્રતા)ને ને જેમણે દષ્ટિનો વય રચેલો છે, તેવા તે ભગવાન્ છે. ૩,

ભાવને વશ થઈને પોતાના આશય રૂપે નકકી કરેલા વિનોદને ઉજવવા માટે જે વિશેષ વિચાર કરી રહ્યા છે, તથા ભાવના પ્રમાણેના રૂચિર અવયવોને જોઈને જે નેત્રોનો સંચાર કરી રહ્યા છે, તે પ્રભુનું અનુસરણ કર. ૪.

હે સુંદરી! તારી સાથેના આલિંગનની ભાવનાથી જેમને સંભ્રમમાં ને સંભ્રમમાં સુખ ઉત્પન્ન થયું છે, તેમજ તારા મધુરાધરના અમૃતપાનનું સંપુટ લેવાને માટે જેમનું મુખ આતિશય મનોહર બન્યું છે, તેવા હરિને અનુસર. ૫.

તને માન ઉત્પન્ન થયું છે એમ ભાવના કરીને, તે માનને દૂર કરવાને બન્ને હસ્તથી જેમને પદકમલને પકડી રાખ્યા છે, અને જે પદકમલના નખચંદ્રના કિરણોથી અતિશય હર્ષ અને વિનોદ વિશેષ પામેલા છે, તે હરિને અનુસર. ૬.

પોતાના હૃદયમાં અતિશય વિરહ ઉત્પન્ન થવાથી તેમના મનમાં તે પ્રભુ સંતાપ પામ્યા છે, અને તે સંતાપને શાંત પમાડવા, શરીરના દાહને દૂર કરનાર એવો શીતલ કમલનો કલાપ જેમણે શોધી કાઢયો છે, તેવા હરિને અનુસર. ૭.

શાંત, ઉપાયોથી નકકી કરેલો, પોતાનો જન્મ સફલજ છે, એમ વિશ્વાસ રાખ બેઠેલા, શ્રીવલ્લભવરચરણકમલની પરિમલથી શોભિત હરિદાસ (ગિરિરાજ) ને પ અનુસર. ૮.

૨૭

હે માનિનિ! હું તને પાયે લાગું છું. ગોકુલપતિના સંગનો અંગીકાર કર કે જેથી એકદમ હું લીલી થઇશ. ૧.

આ મારૂં અતિશય દીન વિનય વચન માન. તારો અને પ્રભુનો મેળાપ કરવામાંજ હું હિત જોઇ રહી છું. અલિ! અતિશય રોષવાળા બનવામાં ફાયદો નથી, તને તે શોભતું નથી. કૃપાથી હું તો તારી દાસી બની છું, માટે તું માન. ૨.

હે સખિ! તારો પંથ જોઇ જોઈને તો પ્રભુ હસી રહ્યા છે, તારૂં માન દૂર કરવા માટે તો મને નિમેલી છે! તેથી તારા ચરણનું પરિચરણ હંમેશાં કરવાથી તું તો દોષ રહિત છે એમ જાણ. ૩.

તારી રતિ સંપાદન કરવા માટે નિરૂપધિ શ્રીગોકુલપતિએ મને મોકલી છે, જો તું નહિ આવીશ (જો તું અહિંથી જઇશ) તો આ હું વૃથા જઇશ, અને હું તો નિપુણ સ્ત્રીઓમાંની તો એક ગણાઉં છું. ૪.

ઓહ હો! તું તો કેમેય માન છોડતીજ નથી. જો હવે આમ માનમાંજ રહી

તો હું તો બીજી યુવતીઓથી હારી જઈશ. હે સખિ ! આ મારૂં કહ્યું અથવા તો મેં નકકી કરેલું આ જો તું નહિ માનું, તો બીજી વનિતાઓની મધ્યમાં હું શું કહીશ ? ૫.

હે સખિ ! તારા વદનમાં અમૃતને ઉત્પન્ન કરનાર કિરણરૂપે જે ચકોર છે તેવા ભગવાન્‌ને સુખી થયેલા બનાવ. હું તો આ તારા આગળ પૃથ્વી ઉપર આળોટું છું. (પગે લાગું છું) બીજી સખીજનોના અહંકારવાળા બહુજ વાકયોની રચના થવાથી, તે વાકયોના શોકમાં હું તો ખૂબજ છુંદાયેલી છું. માટે મારૂં કહ્યું માન, તને પગે લાગું છું.

અલિ સખી ! જો હવે નિજસંગમનો ભંગ કરવા જઇશ, તો મારે માટે હવે જીવવું પણ મુશ્કેલ થઇ પડશે. હું પુનઃ મારૂં મુખ પણ કેવી રીતે બતાવી શકીશ ? તેટલુંજ નહિ પણ હરિએ તો ખુબજ કહ્યું છે માટે મારૂં કહ્યું માન. ૭.

આ પ્રમાણે સહચરિનાં વચનોને હૃદયથી સાંભળે છે, અને તે સહચરિ, પણ 'હે સખિ હું ચાલીશ' એમ કહે છે. શ્રીવલ્લભવર ચરણની રેણુરૂપ હરિદાસને મદીય જન જાણી કૃપાથી વિંટી વળો એમ વિનંતિ છે. ૮.

૨૮

અતિશય દોષો સહિત એવી જે હું તેના ઉપર હે સખી ! દયાને ખોવાથી તે વિપ- ત થતાં, હવે આ સુંદર વર્ષાઋતુના સમયમાં વિરહથી પરિતપ્ત બનેલી હોવાથી કેવી ીતે જીવું ? તે તું કહે. ૧.

વિરહાનલ ઉત્પન્ન કરનાર વાદળાંઓ પણ જ્યાં કોયલો અને મયૂરો કૂજન કરે છે, અને આનંદ કરે છે તેવા ગોવર્ધન પર્વત ઉપર વર્ષે છે. અને જ્યાં ભૂમિ હરિઆળી છે. અને જેના શિખર ઉપર ઘાસના પુષ્કળ સમૂહો છે. અને તે પવન આવવાથી હાલે છે. અને ઇંદ્ર કોપના નિમિત્તથી જેના મૂલ આગળ અનુરાગનો સમય વિલસે છે તેવા શિખર ઉપર વર્ષે છે. ૩.

શ્રીગોવર્ધન પર્વત ઉપર આવેલી ભાતભાતની શિલાઓ ઉપર શુદ્ધ પોતાના સ્વરૂપ વાળી ગોપીજનોની સાથે ભગવાન્ બિરાજે છે. નિજરૂપ સમાન સ્વચ્છ શ્રીમુખ દેખીને આનંદ જેમને ઉત્પન્ન થયો છે, અને જ્યાં તેવા આનંદના વિલાસોથી ગુણોની ગાથા ગવાય છે, ત્યાં વર્ષે છે. ૪-

નવાં વાદળાંઓની મધ્યમાં શોભતી સફેદ બગલાઓની માલા દેખાય છે, મુરલી મેઘનાદની પાછળ ગર્જના કરે છે, અને સુરસ લ મુરલી રસ ક્ષરે છે. ૫.

અતિશય ચંચલ વિજળીઓ ઉદય પામે છે. અહિં માણસોને તે ચલાવે છે, અને

મેઘગણે રચેલા અંધકાર યુક્ત વન બીક પમાડે છે. ૬.

વળી અતિશય સુંદર કુસુંભના ફૂલોના વસ્ત્રોને પહેરવાથી પોતાનું રૂપ અતિશય શોભી રહ્યું છે. તેનાથી મેઘના સમાગમ સમયે આ નિરૂપધિ ગોકુલના રાજા વિરહનું ગાન કરે છે. ૭.

આ પ્રમાણે વિરહી એવા હરિદાસ અતિશય કરૂણાશાળીને વિજ્ઞાપના કરે છે. તે શ્રીહરિદાસ શ્રીવલ્લભપદકમલના પરાગને ધારણ કરનારને વિષે વાસ કરી રહયા છે. ૮.

૨૯

મધ્યાહ્નનો સમય થયો છે. તોપણ ગોકુલપતિ ગોપ બાલકો સાથે તુલસીનાં વનોમાં સતત ફરે છે. ૧.

અતિશય પ્રીતિવાળાં વચનોથી ગાયોને નામ દઇ દઇને શ્રીમુખથી બોલાવે છે. અને વિપુલ રસથી પરિપૂર્ણ સુંદર કુંજની રચના થવાથી મનમાં હર્ષ પામે છે. ૨.

નિર્મલ પાણીથી શિખર ઉપર રહેલી રૂચિર શિલા ઉપર બેસીને ગોપમંડલીની વચ પ્રવેશી ઘેરથી આવેલું ભાથું આરોગે છે ૩.

પ્રત્યેક ફૂલો ઉપર અંગુલિ કરતાં કરતાં પોતાના હસ્તમાં તે વિવિધ ફૂલો મુકે મધ્યમાં ચોખા (ભાત) પીરસે છે. દ્દષ્ટિ ફેરવે છે. અને પોતાની માતાએ બનાવેલી વા ગીઓની સરાહના કરે છે. ૪.

યમુનાજીમાં જઇને અંજલિએથી યમુનાજીના નિર્મલ જલને પીવે છે અને પોતાના નેત્રોના સંબંધથી લાંબા સમય સુધી જલમાં પોતાનું પ્રતિબિમ્બ જુએ છે. ૫.

અતિશય મધુર વેણુને ધીમેથી વગાડે છે. ગોધન સાથે ચાલે છે. અને વનપ્રદેશોમાં સૂર્યને લીધે આવેલા તાપને દૂર કરે છે. ૬.

ગોપજનોએ મન્થન કરેલા દૂધને સોનેરી પ્યાલામાં તે પીએ છે. અને અતિશય વિરહથી વ્યથિત થયેલા બાલકોના સમૂહના હૃદયને શાંત પમાડે છે. ૭.

શ્રીવલ્લભપદકમલના પરાગના રાગમાં જેમનું હૃદય રંજન પામેલું છે. તેવા હરિદાસને ભાવોથી સુખિત બનાવો અને દુર્જન પુરૂષોના સંગનો અંત આણો. ૮.

૩૦

રસયુક્ત હૃદયને વિષે આપનો ચરણ ધરો વળી શિલા ઉપરનાં ઘાસનાં મૂલોથી પગ વ્યથા પામે છે. એમ ધારીને ચિંતાયુક્ત બનેલા હૃદયને વિષે આપ પગ ધરો

આપનું પદકમલ અતિશય સુંદર છે. માટે આપને માટે તો ધરણી ઉપર ફરવું પણ અયોગ્ય છે અને અતિશય ઉદ્ભટ ભાવે કરીને નિરંતર નયનમાંથી વિમલ નીર પણ બહાર ઝરે છે ૨.

જો કે આપ જ્યારે વનમાં ફરો છો. ત્યારે તે આપના વનવિહાર વખતે ચાલવામાં પ્રત્યેક પગલે શ્રી પણ સહાય કરે છે. તો પણ હે પ્રભુ! આપના ચરણનાં ચિહ્નોના દેખવાથી હૃદયને પીડા થાય છે. ૩.

જો કે પૃથ્વીએ તો પોતાની સમાનતાનો ત્યાગ કર્યો છે. તો પણ જો આપ અહિંથી જવાનો ઉત્સાહ બતાવો તો હું હસ્તથી એકદમ ઠીક બનાવી દઉં ૪.

લૌકિક મતિમાં અતિશય મંદ એવા ગોપીજનોના વૃંદમાં વ્રજ સંબંધિ ગાયોની પાછળ જનાર દોષનો ચિત્તમાં શું કરવા વિચાર કરો છો? ૫

પૃથ્વી વિષે આપ તાપસ ચરણને ધારણ કરવાને માટે શા માટે બ્હીનો છો? કાલિય સર્પની ફણા ઉપર જેમને પગ ધર્યો છે તેમના માટે આ તમારૂં કરવું શું અદ્ભુત છે? ૬.

મર્દનથી ઉત્પન્ન થતા ભૂમિના દુઃખને પગથી ઉત્પન્ન થતા આનંદથી અહાહા હે પ્રભુ પ દૂર કરો છો, પરન્તુ તેમાં મારા ઉપર હે ગોવિન્દ! આપે શું કર્યું? ૭.

શ્રીવલ્લપદકમલમાં સદા ગતિ રાખનાર તેમની સંગતને લીધે તેવીજ ગંધયુક્ત ના સરસ હૃદયની સાથે કરૂણાએ કરીને નિજચરણથી હરિદાસને જોડો. ૮

૩૧

વ્હાલા મિત્ર, તું જઇશ નહિ હમણાં હું દૂધનુ મન્થન કરૂં છું, મથન કરતાં ઉપર આવેલા ફીણવાલા દૂધને આરોગજે. સુંદર પંદડાઓના બનાવેલા પડીઆમાં તે હું તને આપીશ તારે તો મારા ઉપર દયા કરવી જોઈએ ૧,

હે ભાવસુંદર હરિ, ખરેખર આ શીતલ થઇ જાય છે. મેં વનમાં જે યત્નથી કર્યું છે. તે સાંભળ. વિલમ્બ કેમ કરે છે? મારી પાસે ગોપસુતોની મંડલીમાં વિહિત કરેલા વિનયે ઉભો રહે. ૨.

હે ગોવિંદ! અત્યારે આપના દર્શનથી દુઃખોની હારોના પણ અંત આવી જાય છે, જોવા લાયક નીલમણિના મનોહર મુખમાં લાગી રહેલાં મધુ અને દુગ્ધનાં કણોના પરમ શોભા સમૂહ દેખાય છે. ૩.

ઉભો રહે. હું તને પરમ અદ્ભુત કથા કહું છું. વળી એકે કહેલું મીઠું મધુર વચન કહું છું મને મહાવનમાં આપની સેવામાં હે ગોકુલાધીશ કરૂણાથી રાખો. ૪.

અતિશય ગુપ્ત એક વાત છે. તે લોકના ભયથી ખુલ્લી રીતે કહેવાય તેમ નથી માટે પાસે આવો આપના કાનમાં કંઈકપણ ગુપ્ત રીતે કહું. શું કહું છું? તો કહે છે કે મનોહર કુંજમાં અદ્ભુત સંકેતની રચના કરો. મારા ચરણની ગતિ વધારીને એકદમ જલ્દીથી હું ત્યાં આવી પહોંચ્યું છું. ૫.

હે હરિ! અતિશય રમણથી જ્યારે સંભ્રમ ઉત્પન્ન થશે ત્યારે હું આપને પંખો કરીશ પરંતુ હે પ્રભુ ભક્ત ઉપર કૃપા કરીને તે ભક્તકૃપાએ આનાં દર્શન કરાવો રસિકજનના નાથની સાથે જ્યારે તેનું રમણ થાય ત્યારે આપે પણ કંઇ પણ કાર્ય કરવા માટે એકદમ નિમણુંક કરવી કે જેથી દર્શનનો લાભ મલે. ૬,

નક્કી કરેલી ઇચ્છાની વિરૂદ્ધ જઇને પણ મારા પ્રભુ મને ક્યારે સ્વામિનીજીના હસતા વદનને દેખાડશે? અને સ્વામિનીજીના અને પ્રભુના સુરત સંગ્રામમાં પ્રભુનીજ સમ્યક્ પ્રકારે જીત થવાથી મારા મુખમાંથી નીકળેલાં અભિનંદનના વચનોને ભગવાન્ ક્યારે મન દઈને સાંભળશે? ૭.

શ્રીવલ્લભપદકમલના સેવનથી વિહિત ભક્તિ વડે ઉત્પન્ન થયેલા ફલની આશાથી હંમેશાં સાથે રહેનાર દીન હરિદાસને નિજ દાસ્ય આપો. હે કરૂણાતમ પ્રભુ! દીન હરિદા ઉપર અતિશય અનુરાગ સાધીને વિલાસ પામો. ૮.

૩૨

હાહા સાંભળો. હે પ્રભુ વનમાં જશો નહિ શું એવું ગમન યોગ્ય છે? અહિ ગોપજનોથી વીંટળાઇને વ્રજરાજની ગાયોના ધનને ચારવી જોઇએ. ૧.

હે પ્રભો! વિવિધ વસ્ત્રોને આભૂષણથી હું તારા દેહના ઉપર અલંકાર ધારણ કરાવું, હે પ્રભુ અત્યંત વિશાલ તેવા મારા ગૃહમાં એકાંતમાં બિરાજો. ૨.

અતિશય સુગંધીવાળું શુદ્ધ અતિશય ગંધયુક્ત ઉંચી રીતે પ્રસરતા તૈલથી હે પ્રભુ આપ અભ્યંગ કરો અને ઉષ્ણ જલો સહિત સ્નાન કર્યા પછીથી વસ્ત્રોને પહેરો. ૩,

મલ્લકચ્છ ધારણ કરો. સુંદર વિશાલ ભાલમાં તિલકને ધારણ કરો. શરીર મસ્તક ઉપર કેશાવલિને ગૂંથાવ્યા પછીથી નાની પાઘડી પહેરો. ૪,

પગમાં ને હાથમાં પણ સુંદર નૂપુરને ધારણ કરો વળી ગુચ્છાવાળાં બાજુબંધ પણ આપીશ. કંકણોને પણ પહેરાવીશ. ૫.

હૃદયની મધ્યમાં પણ મણિ મુક્તાઓથી જટિત પદકને ધારણ કરવું જોઇએ અને તે મોતી અને સુવર્ણની માલાથી અજેય એવું જે જગત તેને આખુંય જીતી લીધું હોય એમ જણાય છે. ૬,

સુકોમલ રમ્ય પલંગ ઉપર આપ બેસો સુંદર રીતે શયન કરો હાથે કરેલા અંગમ નને હું કરૂં છું નયનને શાંત પમાડો, ૭.

આ પ્રમાણે સરસ વચનોને ખૂબજ હર્ષથી સાંભળો શ્રીવલ્લભપદ કમલમાં રહેલા હરિદાસેજ આ વચનનું પણ ગાન કર્યું છે. ૮.

૩૩

હરિ અહિં દિવસે વનમાં વાસ કરે છે. અને ઘાઢા વૃક્ષોમાં ગોપજનોથી વીંટળાઇને ગાયોને પણ ચરાવે છે. ૧.

હે સુમુખિ! મારા હરિવિહોણા આ સદનમાં મને જરાય પણ ગમતું નથી જેનો રાજા મદન છે તેવા હ્રદયમાં વિરહાગ્નિ શરીરમાં દાહ ફેલાવે છે. ૨.

ગોપતનયના વદનકમલને નિરખવા માટેજ અહો! આ મારાં નેત્રો કામના કરે છે. વલી તે ગોપકુમારના કેશસમૂહ સહિત મુગ્ધ દૂધના દાંતોને પણ જોવાને ઈચ્છે છે. ૩.

સતત દુરાશાએ વિહિત કરેલી દેહકમલની ગન્ધને નાસિકાથી લાવવા માટે ખરેખર તે હ્રદયસંબંધને ફેલાવે છે. ૪.

મારી જીભ છે તે કાયમ તેમના અધરરસનું પાન કરવાનો મનોરથ સેવે છે મારી
ણી પણ અતિશય અનુરાગવાળી બનીને મનને ગાવાને માટે તૈયાર કરે છે. ૫.

અતિશય કોમલ પદકમલને લાવવા માટે હરિ સેવામાંજ વખણાયેલા આ મારા બન્ને અતુલ મનોરથ મનમાં સેવે છે. ૬.

હંમેશાં સન્મુખ જવાને માટે મારા ચરણયુગ અતિશય ચપલ રીતે સ્ફુરાયમાન થાય અને નિત્ય રમવાને માટે ચિત્ત લાંબા સમયથી કૃપાપર બની અભિલાષા રાખે છે. ૭.

આ પ્રમાણે મારા સર્વસ્વ વચનોથી ઉત્પન્ન થયેલા વાકયો મારા હ્રદયમાં વાસ કરો તે વાકયો શ્રીવલ્લભવરચરણના વિચિંતનમાં થતા વિઘ્નોના નાશ કરવા માટેજ છે. ૮.

૩૪

વૃષભાનુના ભવનમાં રાધિકાજી જય પામે છે તે ભવનમાં વિવિધ મંગલ અવાજો, નૃત્યો તથા સૂત માગધ બંદિજનો વિપ્રો સહિત ગીતો ગાય છે. ૧.

વિવિધ ગૃહથી ગોપિકા જનોએ આણેલા દધિ કુંકુંમ અક્ષત વિગેરે જેમના ભિન્ન ભિન્ન હસ્તમાં વિરાજે છે. ઘરની રેણુને દૂર કરી ગંધયુક્ત જલથી છંટકાવ કરીને તોરણ ધ્વજ પતાકાદિથી તે ગૃહને શણગારેલું છે. ૨.

નિકટ સંબંધિઓના આનંદથી પરિચિત સકલ ગોકુલના મનુષ્યો આવીને જ્યાં માન પામેલા છે. અને પુત્રિકાનો જન્મ થવાથી સંતોષ ઉત્પન્ન થવાથી તે રાધિકાજીના પિતાએ આભૂષણો અને વસ્ત્રોનુ દાન કર્યું છે. ૩.

રતિપંથને પ્રકટ કરવા માટે બન્નેનો જન્મ છે. તે જન્મથી હર્ષ દાસિકાઓને ઉત્પન્ન
છે. હર્ષ યુક્ત એવી દાસિકાઓના ભાલપ્રદેશમાં પણ તે હર્ષ ફલિત થયેલો જણાય છે.

અને નિજનાથની લીલામાં લીન બનેલાં તે ગોપીજનો સકલ ઇન્દ્રિયોથી પ્રિય રીતે ગીત ગાતાં ગાતાં તાલ આપે છે. ૪.

વ્યક્ત કરેલા વદન જલથી ઉત્પન્ન થયેલા, કેવલ રાધિકાજીના વદનને દેખવાથી અતિશય આનંદ પામેલા, ગોકુલાધીશના જન્મોત્સવથી પ્રત્યેક પગલે નંદના સદનનું જેમના ઘરમાં સ્મરણ ચિંતન થાય છે, તે ગૃહમાં રાધિકાજી જય પામે છે. ૫.

અહિં પ્રાણપતિ સાથે કાયમ વિલાસ પામો! એમ લાંબા સમય સુધી મધુર આશીર્વચનો અધિકાધિક ઉચ્ચારાય છે, અને ભાવથી પરિપોષિત સ્વામિનીના સંગનો નિર્ધારણ કરીને જેનો વિકાસ પામેલો છે. તેના હૃદય પદકમલમાં હમેશાં વાસ કરો. ૬.

અમારૂં જે અભિમત હતું તે સર્વ ખરેખર સિદ્ધ થયું છે. એમ સંતોષથી નિજદાસોનાં ચિત્તો ભાવભર્યાં બન્યાં છે; અતિશદ્દ દુર્લભ એવાં આભરણોને મળવાથી જન્મ સમયે અતિશય વિત્તવાળું તે ગૃહ દેખાય છે. ૭.

શ્રીવલ્લભવિભુની અતિશય કરૂણાથી એકદમ વાસ પણ તમારા ચરણરેણુમાં થાવ. દાસદાસ એવા હરિદાસને હમણાં હસ્તમાં વેણુ ધારણ કરનાર પ્રભુમાં તે ભાવનું દાન કરો. ૮.

૩૫

માતાનું મુખ પૃથુકમાં તે જુએ છે. જનની પોતાના જન્મને અહિં સફલ માને માતા વિધવિધ સુખ મેળવે છે. ૧.

ઊંચી, અડધી ઉઘાડેલી, ચકિત, ભાસતી, નયનોને જુએ છે. સકલ કલાઓના ઈ એવા ભગવાનના વદન ઉપર અધરામૃત સ્રવે છે. અને પુનઃ પ્રકુલ્લ કમલ સમાન સુંદ ભાગ્યવાળા તે મુખને માતા જુવે છે. ૨.

વાંકડીઆ કેશોનો સમૂહ જેમના મુખ કમલ ઉપર ગુંચાઇને ઘીચોઘીચ થઇ રહ્યો છે. અને હૃદયના ભાવથી જે વિમલ છે. અને આંગળાંના નખથી તે કેશોને પ્રભુ સમા કરે છે. નયનમાંના નીરથી જે મુખ સજલ બન્યું છે તે મુખ માતા જુએ છે. ૩.

આ દર્પણમાં બાલકનું અને પોતાનું એમ બન્નેના રૂપનાં દર્શન કરવામાં ચપલ છે, અને પ્રતિબિમ્બ તે દર્પણમાં પડવાથી લીલા કરતા કરતા ભગવાન્ ગળામાંના હારને પકડીને નાચે છે. ૪.

સ્પષ્ટ, સુન્દર કપાલને વિષે રહેલાં મુક્તાફલો ઉપર અવલંબીને નવનીતને માટે તે ભગવાન ચપલ અલક માલા સહિત હે ચંચલ સ્ત્રી! નાચે છે. ૫.

હસ્તને વિષે માતાના નાસિકાંના આભૂષણોને પકડયાં છે. અને તે હર્ષથી રોમાંચ ઉત્પન્ન થયેલો છે. વદન ઉપર વદન આમતેમ ફેરવે છે, અને તેમ કરીને નીરતું વર્ષણ રચે છે. ૬.

પોતાના બન્ને દાંતોથી રસભાવને દર્શાવે છે. અને સરસ ભાવના જણાવે છે, ગોપીજનોના વૃન્દમાં તે અવલોકન કરે છે, અને હસતા હસતા તેમનું દર્શન કરે છે. ૭.

શ્રીવલ્લભાચાર્યજીની કૃપાથી વલ્લભકુલરત્ન મારા ઉપર કૃપા કરો વિવિધ પ્રકારના વિષયોમાં યત્ન કરતા મારા મનને વિષે એકદમ તે વસો. ૮,

૩૬

પોતાના બાલકને માતા જગાડે છે. હે પ્રિય સુત, તું જાગ. રાત્રિ વીતી ગઇ. નવનીતથી બાંધેલા દધિ મોદક વિગેરે તૈયાર કર્યાં છે. તે સર્વ શીતલ થઇ ગયાં છે. ૧.

પક્ષિગણ મધુર મધુર અવાજ કરે છે. અને કમલોના સમૂહ ખીલે છે. ગોપીજનો દધિમન્થન કરે છે. અને તે દધિ મન્થનથી તેમના હસ્તને વિષે રહેલાં કંકણોમાંથી અતિશય વિપુલ ધ્વનિ થાય છે. ૨.

વા વાય છે. તેનાથી તારા કેશો વિખરાઇ ગયા છે. તે કેશસમુહને સમાન કર. તારી બન્ને આંખો ઉઘાડ રાત્રિનાં દુરિતનો નાશ કર. ૩.

આ સૂર્ય પણ ઉદય પામે છે. અને ખુલેલા કમલના ઓઠા નીચે તારો પરિહાસ કરેછે. ભવનના રાજાએ આ હજુ સુધી શયનને કેમ સ્વીકારી લીધું છે ? ૪.

ગોપમંડલી હમણાં વિમલ એવા બાલયશને ગાય છે. તારૂં પ્રફુલ્લિત કમલ સમાન બતાવ. તેમના જન્મને સફલ કર. ૫.

અતિશય મધુર અવાજથી રણકારતા કમલમાંથી નીકળેલા ભ્રમરાનાં ફૂલો, હરિ ઉઠયા એમ માનીને મારાથી ગણાવેલા તારા બહુ ગુણોને જગત્માં ગાય છે. ૬.

હે પ્રભુ ! આ તારી જનનીનઃ મધુર વચનને માનીને તેના સર્વ મનોરથ પૂરો કર, મિત્રથી સાંભળીને પણ તેવુંજ કરાયું છે. માટે હે હરિ તમે પણ જેમ રચના થાય તેમ મનોરથને પૂર્ણ કરો. ૭.

શ્રીવલ્લભપદ કમલમાં ભ્રમર સમાન મનવાળા આ સુત હરિદાસ ઉપર આપ સદા કૃપા કરો. મારી યથામતિ મેં આપના સારા ગુણોને વર્ણવ્યા છે. માટે આપ મારા ઉપર કૃપા કરો. ૮.

૩૭

અદ્ભુત ગતિ વાલી ધેનુકાઓના વૃંદ સાથે ભગવાન્ નાચે છે, તે સ્થલે પ્રભુ વેણુ બજાવે છે. અને તે વેણુવાદનથી તેમની ગોઠવેલી ગતિમાં ભંગ થાય છે. તે ભંગમાં પ્રભુને જો. ૧.

અભિનયને બતાવવામાં જેમને પોતાના લાંબા હસ્તોને બતાવ્યા છે, અને પુનઃ પણ સહચરિ! સુંદર હસ્તને અનુકુલ તે હાથને લંબાવે છે. ૨.

નયનનો ભેદ જણાવવાને મુગ્ધસ્મિત વદનને જો. તથા બહુ વિલાસ, હાસ્યને વિગેરેથી તેમના સફેદ દાંતોને પણ જો. ૩.

બીડી દીધેલાં બન્ને ઓષ્ટથી સૂચવનાર રસપાનને જો. અને વેણુનાદનું નામ દઈને નિશ્ચયે જે ભગવાન્ ફલનું દાન કરે છે, તે પ્રભુને જો. ૪.

હિતથી પૃથ્વી પર પગ ધરતાં ધરતાં તેના તાપને હરણ કરનાર છે; અને પ્રકટ કરેલા રસને સંતાડી રાખવા માટે પીતાંબર ધારણ કરનાર ભગવાન્‌ને જો. ૫.

કોટિ કામદેવોને મોહ કરવા માટે પોતાની કેડને ફેરવવાથી શોભાયમાન થતા અને ક્ષુદ્રઘંટિકાના (કંદોરામાં બાંધેલી ઘુઘરીના) મનોહર નાદથી મધુર રસવાલા તે પ્રભુને જો. ૬.

મંદમંદ, મનોહર ગતિથી ગજરાજ સમાન ચાલતા અને ગ્રીવા, કટિ, ચરણકમલ, તથા વનમાલા વિ. સર્વ જેમનું લલિત છે તે પ્રભુને જો. ૭.

સંધ્યા સમયનું આપનું ગૃહગમન આ હરિદાસને સુખ આપો. તે હરિદાસ તો વલ્લભપદના ચરણકમલના ભાવમાંજ મતિ રાખી વિલાસ પામે છે. ૮.

૩૮

મુગ્ધ લલિત બાલકને માતા બોલાવે છે. હે તાત! 'માતા' એમ આ તારી ક
સમાન વલિત જીભથી તું કહે. અતિશય ભાવથી લલિત મારા હૃદયને સુખી કર. ૧.

મારી અંગુલિ પકડીને ઉઠ. વિવિધ પ્રકારની તારી ગતિને ધીમે ધીમે સાદર બત
(પ્રત્યેક પગલે મધુર કરકમલથી કલિત). મધુર મધુર વેણુને પણ જલ્દી વગાડ. ૨.

તારૂં અદ્‌ભુત રૂપ દર્પણમાં જો. અને તે રૂપને અનુકરણ કરતું કોઇ પણ સ્થલેથી અસ્ખલિત રૂપને વિશેષ ફેલાવ. અને અતિશય હસ્ત વાંકો કરીને ઉખળીઆને પીઠિકા રૂપ બનાવવા ઉંધો વાળ. ૩.

કમલદલ સમાન લોચન કે જે દુઃખોના સમૂહમાંથી ભક્તજનને છોડે છે, સદાય મલવા વિરલ છે તે મારા તરફ ફેરવ. બાલભાવના સુસ્વર ગાનોથી વ્રજભૂમિમાં આપનું નૃત્યછલ કરો. ૪.

અતિશય શોભા પામતા નેત્રના અંજન હું તને આંજું છું. અને તે પછીથી સજલ કપડાથી લૂછી નાંખી તેલ લગાવી આંખના મુખસિંધુને એકદમ વિમલ બનાવું છું. ૫.

દૂધ પી કે જેથી તું મોટો થઉં છું જો આ તેમ કરવાથી આ મારૂં મસ્તક પણ કદાપિ પળીઆંવાંળું થયું છે. દુગ્ધના કણો જેમના મુખ ઉપરથી પડે છે, તેવા મુખને હું ક્યારે વાંદળાની માફક જોઈ શકીશ! ૬.

ક્યારે દૂધ દહીંને માગવામાં, બાલલીલાની અનુકૃતિથી સજલ એવાં નયનોને

જે નયનોએ સકલ ગોકુલને વિમોહિત કરી નાંખ્યું તે મને બતાવીશ! અને તેમ કરવાથી મારૂં ભાગ્ય પણ ફલિત થશે ? ૭.

વિષયોને વિવશ, આપને ભૂલીજનાર, છતાંય ભક્તિ પંથના ભાવથી ભાવનામાંજ સદા બળતા એવા હરિદાસને કે જે વલ્લભપદ કમલનેજ તલસી રહેલ છે. તેમને નિજ ચરણમાં વાસ આપો ૮.

૩૯

હે વ્રજયુવતિ! મારૂં દાણ આપ. કારણકે તે અહિં લાગે છે, ચિત્રિત દધિ કલશને માથે લઈને મદોન્મત્ત ગજરાજની માફક માન માનતી તું વનમાં ઘૂમે છે. તે મારૂં દાણ આપ. ૧.

" અમે કદી પણ તારૂં દાણ સાંભળ્યું નથી. તે ક્યાંથી આવ્યું " આ વિનય વિનાના જે શબ્દો તું કહે છે તે ખોટાં છે. ત્યારે શું તારા ઓઠમાંથી નીકળ્યું તેજ સાચું. અને ેજ કાયદો. ૨.

એ રીતે જ્યારે ગોપિકાએ પ્રભુ ઉપર આક્ષેપ કર્યો ત્યારે પ્રભુએ તેનો હાથ પકડી ા. અને તે પછી ગોપી કહેવા લાગી કે અરેરે ! તમે મારો હાથ બોલાવેલા માણસની ક આમ કેમ ધરો છો? શું તમે કુલયુવતિઓને આમ શું ખેંચો છો ? મારી ચરીના વૃંદને તો જો! આમ લાજ મુકીને શું કરો છો ? હે નિર્લજ્જ હઠ મુક. ૩.

હે નિર્લજ્જા આ સહચરીઓના વૃંદને પણ જો, હઠ છોડી દે માથા ઉપર ભાર છે. ા તો જો. હે સખિ ! એકાંતમાં ચાલ ! તું ઉભી રહે, હું તારો વૃથા ભાર ઉતારૂં. શું કરવા આટલો ભાર માથા ઉપર લઇ જાય છે. ૪.

તે તો હે અતિશય ત્વરાએ ગતિ કરનારી, અને તે ભાવવાળી, મસ્તક ઉપર રહેલા દધિના કલશને વાંકી લાકડી મારીને પાડી નાંખે છે. હે મદનને જીતનારી વિપિનને વિષે પરમ રતિ કરનાર નિજ પતિની સન્મુખ બોલવું તે પણ તારે માટે યોગ્ય નથી. ૫.

લલિત આકૃતિ જેમને પ્રિય છે. તેવા હે પ્રભુ ! અહાહા ! આપના અતિશય મૃદુલ ચરણ યુગને માથા ઉપર સતત વહન કરીશ, સરસ મનથી આપના બાલભાવને છોડી દો. અને તેમ કરવાથીજ તમારો જગતમાં યશવિસ્તાર થશે. ૬.

આ પ્રમાણે પોતાના પ્રિયતમાના વચનને સાંભળતા ગોકુલેશના મુખકમલની શોભાલોભ ઉત્પન્ન કરીને દર્શનથીજ મનને વિષે ભાવના તરંગો ઉત્પન્ન કરે છે. ૭.

હે હરિ દાન ચરિત્ર કે જેનું વર્ણન પણ કરી શકાય તેમ નથી તે દાનચરિત્ર આ ોપરમણીઓના જનરસિક હરિદાસના મનમાં વસો શ્રીવલ્લભાધીશ પદકમલની કરૂણાથી ં મન ભાવથી ભરિત થાવ ૮.

૪૦

હે માનિનિ મારા ઉપરનો કોપ છોડ, કોપ છોડ. હું એકદમ તને પાયે લાગું છું. તને પગે પડું છું શા માટે રતિનો તું લોપ કરે છે? ૧.

મારા મુખકમલને તારી સન્મુખ બનાવ અને નયનને પણ શાંત કર. હું સોગન પૂર્વક કહું છું કે તારી અનુજ્ઞા કે અભિમતિ સિવાય મેં અન્યગૃહે શયન કર્યું જ નથી. ૨.

હે કોપયુક્તા! પ્રફુલ્લિત નયન કરીને મારા ઉપરકરૂણા કર. તારા અપમાનથી ઉત્પન્ન થયેલા મારા મનના શોકને દૂર કર. ૩.

તારા કરકમલોને મારા મસ્તક ઉપર પધરાવીને સર્વદા અભય આપ. નવનીતથી પણ અતિશય સુકુમારની પ્રત્યે પણ હે સખિ! અતિશય દયાવાળું મન બનાવ. ૪.

હે ગોપનિતંબિનિ! અતિશય દીન બની ગયેલા આવા જીવ ઉપર શા માટે તારૂં બલ બતાવે છે? અશરણ બનેલા મને (જો તું છોડી દઈશ તો) કોઈ યુવતિ પસંદ પણ નહિ કરે એમ ચિત્તમાં પણ કેમ નથી માનતી? ૫.

અતિશય વિશદ મતિવાળા નિજપતિએ હે સખિ! વિનય પૂર્વક મને સન્મા આપ્યું છે. અખિલ હૃદય મારૂં હરાઇ ગયું છે, કરૂણાથી યુક્ત બનીને રતિરસનું ભાન કરાવ્યું છે. ૬.

દંપતિના રમણ, ભુજાલિંગન, ચુંબન, નખક્ષત, દંતક્ષત વિગેરેમાં એવા ત થઈ ગયા કે નિજ અને પરનું ભાન ન રહ્યું, ૭,

શ્રીવલ્લભવરચરણમાં ભાવ રાખતા દાસ હરિદાસે રસ સહિત આ સર્વ હરિચરિત્ર વર્ણન કર્યું છે. ૮.

૪૧

મધુદૈત્યના શત્રુને મલવામાં હે માનિનિ! શા માટે વિલમ્બ કરે છે? હે માનિનિ! મનમાં વિચાર ત્રણેય જગતમાં તેમના સિવાય અન્ય આશ્રય રૂપે કોણ છે? ૧.

શીતલ કિરણો વાળા ચંદ્રમા કરતાં તે શીતલ છે. નવનીતથી પણ હરિવદન મૃદુલ છે. તેમના તે મુખને જો. તારા શોકને શોષી નાંખ તેમને તેમની કાંતિથી તો લક્ષ્મીજીના ધામને પણ જીતી લીધેલું છે. ૨.

પરિરંભણનો અનુભવ કર. સુખ આપનાર પીયૂષનું અધિક રસપાન કર. વિરાજતા બન્ને હસ્તોને તેમના ખભા ઉપર મૂક અને નખક્ષતનું દાન કર. ૩.

હૃદયમાં ઉદિત થયેલા ભાવવાળુ શયન હરિની સાથે પલંગમાં કર. ઉચ્છવાસથી ચળકતા આંખો બંધ કરતા મધુર ચુમ્બોથી તે પ્રભુને બોલાવ. ૪.

રસનાને રસ ઉત્પન્ન કરતા વિવિધ પ્રકારના હાસ્યની હે સખિ ! સુરતમાં રચના કર. પ્રિયતમના ચરણમાં અનુરાગ વાળી હે સ્ત્રી ! તું એકદમ તે કરૂણાના સાગરને વશ કરી દે. ૫.

ખભા ઉપર. હાથ મૂકીને ગજગતિને તે વનને વિષે ફેલાવ. અને હે સખિ ! તે વનમાં ગાઢાં વૃક્ષોના સમૂહમાં બહુ રીતિએ કુસુમોનો સમુહચ્ચય હરિ સાથે કર. ૬.

ઉન્મદ ભ્રમરાઓના કૂલથી વિંટળાયેલા કમલોનો સમૂહ જેની આજુબાજુએ વીંટળાયેલ છે. અને જેના કિનારા ઉપર વૃક્ષોની હારો નમી ગયેલી છે. તેવા યમુનાના નીરમાં કલાઓનો વિલાસ કરવામાં કુશલ એવા હરિની સાથે વિલાસ કર. ૭.

શ્રીવલ્લભચરણ એજ કેવલ શરણ છે. એમ હરિદાસ ગાય છે અને તે ગાવાથી હે સખિ ! જલ્દીથી ત્યાં જા. આશય સહિત હે વિધિયુક્તા ! તું ત્યાં જા. ખાલી અહિ મનોમંથન કરવામાં શું વળવાનું છે? ૮.

૪૨

ગોપસીમંતિનીઓની મંડલીના મન મધ્યમાં શોભી રહેલા, કેવલ હૃદયને સુખ સમૂહનું દાન કરવાના ધામરૂપ હરિના રસયુક્ત વદનની મનમાં ભાવના કરૂં છું. ૧.

ચંદ્રમણ્ડલને તે વદન જીતી લેનારૂં છે, વ્રજજનના ઈંદ્ર સ્વરૂપે છે, સકલજનનું લસ્વરૂપ છે. મુગ્ધ દાંતવાળું છે, અલકાવલિથી સુશોભિત છે, ચિત્તને હરણ કરવામાં ત સમાન છે, અખંડિત દ્વિજપતિ સમાન છે. અને મદનને પણ જીતી લેનારૂં છે. ર નાસિકાવાળું, મંદમદ હાસ્યથી જેમના દાંતો ઢંકાઇ જાય છે. નિજજનોના તિશય દુઃખને કાપી નાંખનાર સુંદર ચિબુકથી શોભાયમાન, મનુષ્યના મનને લોભ ત્પન્ન કરનાર, કામદેવને ક્ષોભ કરનાર, મેઘ સમાન નાદ કરનાર હરિવદનની મનમાં ભાવના કરૂં છું. ૩.

અધરામૃતને વિલસાવનાર, નયન ભૃંગોથી પરિપૂર્ણ, કર્ણમાં કુણ્ડલોથી વીંટળાયેલ વેણુયુક્ત ચંચલ ગંડસ્થલસહિત, ચકિત દષ્ટિવાળું, માનસને ચલાયમાન કરનારૂં અને જગતને અભિહિત વદનની ભાવના કરૂં છું. ૪,

દષ્ટિને સાધન બનાવનાર, તાપ નિવારક, અતિશય વિરહને કાપનાર ભાવથી પરિપૂર્ણ અમાપ્ય કરૂણા કરનાર. કામિનીઓની મતિને હરી લેનાર, રમણકૃતિ કરવામાં તત્પર દુરિતને દૂર કરનાર વદનની ભાવના કરૂં છું. ૫,

ગોકુલપતિની સર્વ રતિ મહારતિને પ્રકટ કરનાર, ભાવ યુક્ત મનુષ્યોની ગતિરૂપ, વહ્નિ સ્વરૂપ, સેવકજનનું પાલક, દૈત્યને ભયાનક, શ્રીનંદના બાલક સ્વરૂપે, અને ભક્તના રાજા સ્વરૂપવાળા વદનની ભાવના કરૂં છું. ૬,

સુરૂચિઓની દષ્ટિઓના આરામરૂપ, આનન્દના ધામરૂપ જેમને દુષ્ટોના સર્વ કુલને જીતી લીધાં છે. અતુલ શીલવાળા સુંદર કંદર્પ સમાન ગોકુલના ઇન્દ્ર સમાન ચાતુર્યના દિરરૂપે લીલાયુક્ત રતિવાળા વદનની ભાવના કરૂં છું. ૭.

નિજ વસ્તુની શક્તિથી નિઃસાધન જનોને ભાવનું દાન કરવા માટે ભૂતલ ઉપર અહો હો વલ્લભ એ નામથી પ્રકટ છે તે હરિદાસને પણ પદવિરક્તિથી હરિદાસની પદવી આપો. ૮.

૪૩

ગોપીજનોના કરયુગલની ચાતુરી નીરખતા નીરખતા હરિ આ કુસુમવનમાં બિરાજે છે પત્નયુકત તે કુસુમવનમાં હરિ હર્ષ પામે છે. ૧,

પ્રિયતમની સાથે બિરાજેલા હરિ વિશેષે કરીને વિહાર કરે છે, અને હૃદયમાં કુસુમોના હારને ધરાવે છે. અને કૌતુકથી તત્પર બનીને પરમ રમણીય, અતિશય ગંધથી ભરેલા હૃદયનો, તે કુસુમહારના બા'નાથી સ્પર્શ કરે છે. ૨.

અહિં કુસુમોથી રાધિકાજીને પહેરાવવા માટે યત્નથી ભાતીલાં આભૂષણો બનાવે છે અને રાધિકાજીની સાથે યુવતિઓનાં હૃદયમાં સક્ત થયેલા તે પુષ્પોના આભૂષણો સહિત શોભે છે. ૩,

અતિશય સૂક્ષ્મ સફેદ વસ્ત્રને પહેરવાથી પોતાના દેહની કાંતિ અતિશય ફલવાળી બની છે, અને તે કાંતિથી તો મદનના આમાત્ય ગર્વને પણ હરી લીધો છે, આવા તે ભગવાન્ પ્રિયતમાની સાથે હસે છે. હૃદયને વિષે હાસ્યના પ્રકાશથી અગણિત દષ્ટિ થવાથી લક્ષણયુકત ચંદ્રમાની માફક તે પણ હસે છે. ૪,

કુસુમના હારથી બન્નેના હાથને બાંધે છે, અને કદાચિત્ વિલાસને માન એમ પણ કહે છે. "ના""ના" એમ મધુ વચનોને સાંભળે છે. અને એકદમ હાસ્યયુકત બની વદનકમલને ચુંબન આપે છે. ૫,

રાધિકાજી યુવતિઓને વશ બની બેઠેલા તે હરિના ગલામાં પડેલા હારને ખેંચે છે અને તે રીતે તે કેવલ ગોપિકાઓના વદનને વશ થઇ ગયેલા અધરના મધુપાનના લોભથી લોલુપ મુખવાળા હરિને બાધરૂપે પજવે છે. ૬.

હૃદયદેશમાં હારની માફક લાલન કરે છે અને હરિની પ્રિયતમાને તેમજ તેના મુખની સુંગંધીને સુંઘે છે, હરિ ગાઢ આલિંગન આપે છે. તેને બતાવ્યા પ્રમાણે બતાવે છે અને પોતે હર્ષ સહિત હોવા છતાં પણ વિનોદ કરે છે. ૭.

મારો સકલ મનોરથ પૂર્ણ કરો. કુસુમગૃહમાં બન્નેના વાસનાં અહો! મને દર્શન આપો. હે ગોપીપતિ! શ્રીવલ્લભાધીશના પદકમલમાં સર્વદા સુદૃઢ વિશ્વાસ આપો. ૮.

૪૪

નિજજનોને આનંદનું દાન કરવા માટે ગોકુલના તિલક સમાન તેમના સકલ લોચ-
થી દષ્ટિમાન થતા ગોકુલેશ અહિં દયાથી ઉત્પન્ન થયા છે. તે ગોકુલેશજીને અહિં
ણકૃતિનું ચરિત્ર કરવા માયાથી વસુદેવજીએ આણ્યા હતા. ૧,

તે ગોકુલેશના જન્મથી પુત્રજન્મનો આનંદ નંદરાયજીના હૃદયમાં થવાથી તે આનંદના
ડ રૂપે બહુજ ગાયોનું દાન કર્યું અને વેદબાધાને અનુસરી જાત કર્મ સંસ્કાર કરાવ્યા
વિપ્રોનું તલ તથા અન્ન વિગેરેથી સન્માન કર્યું ૨.

બહુ તોરણો બાંધીને ગૃહ ઉજજવલ બનાવ્યું તેલ યુક્ત રજથી નમ્ર ગાયોને શણગારી, અને વિવધ વસન આભૂષણો પહેરીને ગોપજનોએ આણેલા ઉત્તમ દધિ, દૂધ, તથા વસ્ત્ર વિગેરેને ઉપહાર તરીકે સ્વીકારી વિલાસ પામ્યા.. ૩.

કૃષ્ણનો જન્મ સાંભળીને પોતાના વસ્ત્રોને વિરચીને હાથમાં લઈ ગોપિકાઓએ પોતાના સમાન સમાજને પહેરાવ્યાં, અને તેમ કરીને નંદભવનમાં આવીને તેનાથી સંતોષ પામતાં પામતાં ગોપરાજને આશીર્વાદોનો વરસાદ વરસાવવા લાગ્યાં. ૪.

ચિત્ર વિચિત્ર, વિવિધ વાદિત્રોના અવાજથી સંગીત યુક્ત બનીને ચારણો બંદીજનો વિગેરેની સાથે નૃત્યના વિકાસમાં આવી જઇને તે વિકાસમાંજ દધિને દૂધનો છંટકાવ પરસ્પર કરી, પરમાનંદ તે ગોપ અને ગોપીજનોને થયો, અને તે પોતાની નૃત્ય રૂપી ગતિમાં વિલાસથી ઉતાર્યો. ૫.

વિપ્ર, ગાયક, તથા સંબંધિજન સર્વને સંતોષથી રત્નમાલાઓ તથા વસ્રો આપે છે. અને પુત્રના ઉદય માટે તથા સર્વ વિષ્ણુને સંતોષ પમાડવા ગૃહદેવતાનું પણ નંદરાયજીએ પૂજન કર્યું છે. ૬.

આભૂષણને ધારણ કરી નંદ અને ગોપીજનોએ જેને નિર્ભયતા આપી છે, તેવાં રોહિણીજી ગોકુલેશના આગમનથી સતત લક્ષ્મીજીનો વાસ થવાથી પરમ સંપત્તિયુક્ત તથા નોકરોવાળા ગેહનૃત્યમાં વિચરે છે.

શ્રીવલ્લભાધીશજ કેવલ જેનો સમાશ્રય છે, એવા માત્ર દાસ હરિદાસના શુદ્ધ હૃદયમાં દોષનો સમૂહ હોવા છતાં પણ તે દોષને દૂર કરવા માટે ભવભાવને ભંજન કરનાર, નિરૂપધિ કૃપા કરનાર ભગવાન્ પ્રકટ થાવ. ૮.

૪૫

હે પ્રભુ હું દીન છું માટે મારા ઉપર તો દયા કરવી જોઈએ આપના ચરણની નિત્યતા મારા હૃદયમાં ધરાવવી જોઇએ.

આપના પદકમલનું મેં શરણું લીધું છે. હંમેશાં હું તો વિહિત અને અવિહિતમાં વિચરણ કરૂં છું. મારી મતિએ કરીને સાધનોને રચતો હોવાથી આપના પંથનો પણ ત્યાગ કરી દઉ છું. ફલસબંધથી વિરોધ વસ્તુઓને સમાન ગણનારો છું.

વિફલ અને ખોટી રીતના મદથી મારૂં માનસ ભરાયેલું છે. વિમુખની સેવા એજ એક લાલસાવાળું તે બનેલું છે. ઇંદ્રિય વિષયની જે ચેતના છે, તેનાથી વિમુખ અને મૂઢરીતિએ વિષય સુખનુંજ લાલન કરનારો હું છું માટે મારા ઉપર દયા કરવી જોઇએ વળી કામ સમૂહને વિભાવન કરવામાંજ ચતુર, વિષયના મુખમાં કાલ વિગેરેનાથી ભક્ષ કરાતો હું છું.

દુર્જનોનો સંગ કરવાથી મારી મતિ દુષ્ટા છે. બહુવિધ દોષોને પોષવાથી હું પણ તે છું. અસમર્પિતનું ભક્ષણ કરવાથી શુદ્ધિ વગરનો અન પરસ્ત્રીઓની સંગતિથી હત વાળો પરિજનથી ઉત્પન્ન થતી મશ્કરીઓથી મતિ વગરનો પણ હું છું, શ્રીવલ્લભ પદ પણ દાસ છું. માટે દયા કરવી જોઇએ.